Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચિત્ર પત્રકારત્વ

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાના રણજિતરામ-સુવર્ણચન્દ્રક-પ્રદાન સમયનું વ્યાખ્યાન

ણચુભાઈ રાવત

स्टाक प्रमाणीकरण ११८४-१९८५

Initial

श्री गुरुकुल कांगड़ी

पुस्तक सं. २६१६

आगत सं. २६५४

गुरुकुल ग्रन्थालय काँगड़ी.

ओ३म्

पुस्तक संख्या..... २६१६

पञ्जिका संख्या..... २६५४

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

२६१६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

undat
rukul

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૪૮ના વર્ષ માટેના રણજિતરામ સુવર્ણચંદ્રકના વિજેતા શ્રી બચુભાઈ રાવતનો જન્મ ગોંડળમાં ઈ. ૧૮૯૯ની ૨૭મી ફેબ્રુઆરીએ થયો હતો. એમના પિતા સ્વ. પોપટભાઈ જીવાભાઈ ગોંડળ રાજ્યમાં, ત્રણ પેઢીથી ઉત્તરોત્તર ચાલતા આવેલા હોદ્દા પર, વેટરીનરી સર્જન (પશુવૈદ્ય) તથા પેંડાક સુપરિન્ટેન્ડેન્ટ હતા. પિતા શોખીન રસવૃત્તિવાળા, ઉચ્ચ સ્વભાવના, વટીલા ને ટેકીલા પુરુષ હતા. ભીતરની સ્નિગ્ધતા બહારના કડપથી સદા ઢંકાએલી જ રહેતી. પ્રાણીઓ પ્રત્યે એમને અગાધ પ્રેમ હતો અને પ્રાણીઓ વિષેનું જ્ઞાન પણ તેવું જ ઊંડું હતું બચુભાઈને પિતા તરફથી વારસામાં ઉચ્ચ કર્તવ્ય-નિષ્ઠા, પ્રાણીઓ પ્રત્યેનું વાત્સલ્ય અને ટેકીલો સ્વભાવ મળ્યા છે. તે જ પ્રમાણે માતાજી સૂરજબા તરફથી સૌમ્ય ઋજુતા અને ધર્મશ્રદ્ધા મળ્યાં છે. પરિણામે જેવું એમની અદમ્ય કલાતરસ અને મુગ્ધ સાહિત્યો-પાસનાનું આકર્ષણ છે તેવું જ અનેકાનેક મિત્રોને એમના સ્નિગ્ધમધુર, કુપકારક વ્યક્તિત્વનું પણ આકર્ષણ છે.

છેક નાનપણથી જ બચુભાઈને અનેક પ્રકારનાં કર્તવ્યોનો ભાર પોતાને શિરે લઈ લેવાની વૃત્તિ હતી. પરાર્થે, આત્મવિલોપનની શરતે પણ, ઘસાવાનું યજ્ઞકાર્ય એમનું આજ સુધી ચાલુ છે. નિશાળે ભણતા ત્યારે પણ બજારમાંથી ઘરને જરૂરી ચીજવસ્તુઓ ખરીદી લાવતા; બજારનો પંથ લાંબો, એટલે રસ્તે ચાલતાં વાંચતા, અને ટ્યૂશનો પણ કરતા. ગોંડળની હાઈસ્કૂલમાં શિક્ષક નિમાયા તો ત્યાં પણ પોતાની ફરજ બજાવવા ઉપરાંત બીજા શિક્ષકનું કામ પોતે ઉપાડી લેતા ને કોઈના દિવસોમાં કારકુનને પણ મદદ કરતા. ગોંડળ હાઇસ્કૂલની અતિસમૃદ્ધ પણ અવ્યવસ્થિત લાયબ્રેરીને વ્યવસ્થિત રૂપમાં મૂકવાનું કામ એમણે માગીને લીધેલું અને અનહદ પરિશ્રમપૂર્વક એ કામ પાર પાડેલું. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયમાં નોકરી લીધી તો ત્યાં પ્રુફરીડિંગ, પુસ્તક-સંપાદન, રોજિંદા હિસાબો, છુટક ગ્રંથવેચાણ ને પત્રવ્યવહાર ઉપરાંત સાડા છ હજાર ગ્રાહકોનાં સરનામાં લખવાની આળસ, કે પટાવાળો માંદો પડ્યો હોય તો ટપાલમાં રવાના કરવા માટેનો ચોપડીઓનો વજનદાર થેલો ખભે નાખીને પોસ્ટ ઑફિસે લઈ જવાની નાનમ, એમને અડતી નહોતી. પોતાના કર્તવ્યક્ષેત્રમાં જ્યાં ભીડ પડે ત્યાં પહોંચી જવાનો એમનો ક્રમ હજી સુધી ચાલુ છે. અને આ બધું પાછું ઝીણવટ, સ્વચ્છતા, કલાત્મકતા ને નિયમિતતા સાચવીને કરવાનું. બચુભાઈનું જીવન એ રીતે અસાધારણ કાર્યશક્તિ અને આગ્રહી કર્તવ્યબુદ્ધિનું અનુપમ દૃષ્ટાન્ત છે.

ગોંડળ હાઈસ્કૂલમાંથી ૧૯૧૪ના ડિસેમ્બરમાં મૅટ્રિક પાસ કર્યા પછી બચુભાઈને અભ્યાસ આગળ વધારવાની ઉમેદ તો હતી, પણ કુટુંબની સ્થિતિને કારણે પિતાની આજ્ઞાને માથે ચડાવીને એમણે, પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં ગોંડળ-રાજ્યાશ્રિત વિદ્યાર્થી તરીકે જવાની અરજી પડતી મૂકીને ગોંડળની સગ્રામજી હાઇસ્કૂલમાં શિક્ષકની નોકરી સ્વીકારી ૧૯૧૫થી ૧૯૧૯નાં એ પાંચ વર્ષનો ગાળો તે એમની શિક્ષક તરીકેના કારકિર્દીનો હતો. બચુભાઇ તેજસ્વી અને ઉદ્યમી વિદ્યાર્થી હતા તેવા જ ઉત્તમ શિક્ષક પણ હતા. શિક્ષક મટ્યા પછી પણ કેળવણીકારનો ધર્મ એમણે છોડ્યો નથી.

એમણે બીજા ઉત્સાહી મિત્રો સાથે મળીને ગોંડળના એક સમાજસેવા મંડળમાં આગળપડતું કામ કરેલું. પણ મુખ્ય પ્રવૃત્તિઓમાં તો ત્યાંના લાયબ્રેરીઓનાં પુસ્તકોનું અવિશ્રાંત વાચન, ત્યાંની કળાશાળા-નો સંપૂર્ણ અભ્યાસ અને ત્યાંના વિદ્વાન કવિ સ્વ. 'વિહારી'નો રોજિંદો સાહિત્યસંપર્ક હતાં. શ્રી ધૂમકેતુ અને શ્રી દેશળજી પરમાર સાથેની મૈત્રી પણ આ સમયમાં જ ખીલી. ઉપરાંત ૧૯૧૭માં 'જ્ઞાનાંજલિ' નામનું એક હસ્તલિખિત એમણે આરંભ્યું. એમના મરોડદાર સુંદર અક્ષરો અને વિકસતી કલાદૃષ્ટિથી તેમજ એમની ને મિત્રોની તરવરતી મેધાથી અંકિત થતા એ હસ્તલિખિતે શ્રી રવિશંકર રાવળને મુગ્ધ કરેલા. એ હસ્તલિખિત પાછળની પ્રબળ ભાવના 'કુમાર'ના પ્રકાશનમાં આજ સુધી જળવાઇ રહી છે.

૧૯૧૮માં પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રવિશંકર રાવળને ગોંડળ જવાનું થતાં આ મંડળના સમાગમમાં તેઓ આવ્યા, એ યોગ ગુજરાતને માટે આશીર્વાદરૂપ નીવડ્યો એમ કહેવું જોઇએ. ગુજરાતનાં બાળકોને પ્રેરણાદાયી વાચનસામગ્રી પીરસે અને તેમનામાં કલાભિરુચિ સતેજ કરે તેવું એક માસિક પ્રકટ કરવાનો રવિભાઇનો મનોરથ હતો. રવિભાઇએ પોતાના એ મનોરથમાં સહાયભૂત થઈ શકે એવું આરત્ન પારખ્યું અને પોતાનું પ્રયોજન પણ બચુભાઇને સમજાવ્યું. બચુભાઇને આવું જ કંઇક જોઇતું હતું. પણ એની પૂર્વ-તૈયારીમાં થોડો વખત જાય એમ હતું. અને વિકાસવાંછુ બચુભાઇ ગોંડળનું સાંકડું ક્ષેત્ર છોડવા અધીરા થઈ ગયા હતા, એટલે સ્વામી અખંડાનંદે જ્યારે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય માટે એમને અમદાવાદ તેડાવ્યા ત્યારે એ ખુશીથી ગયા. જ્યાં વાવો ત્યાં ઊગે એવા બચુભાઈ નામું, કારકુની અને વૈતરું સુદ્ધાં કરવા તત્પર હતા. ૧૯૧૯ના અંતમાં એ અમદાવાદ આવ્યા ને ૧૯૨૦નું આખું વર્ષ સસ્તા સાહિત્યને આપ્યું. દરમ્યાન, પોતાની યોજનાને પાકતાં લાંબો સમય લાગે તેમ હોવાથી, અને સ્વ. હાજીમહમ્મદને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટાક પ્રમાણીકરણ ૧૧-૦-૧૯૮૭

રણજિતરામ સુવર્ણચંદ્રક-પ્રદાન-સમારંભ

ગુજરાતના આરૂઢ પત્રકાર અને લબ્ધપ્રતિષ્ઠ મુદ્રણકલાવિશારદ શ્રી. બચુભાઈ રાવતે ગુજરાતને એ વિષયોમાં આપેલી સેવાઓની અલ્પ પણ કદર કરવા માટે ગુજરાત સાહિત્ય સભાએ ઈ.સ. ૧૯૪૮નો રણજિતરામ સુવર્ણચંદ્રક એમને આપવાનો નિર્ધાર કરેલો તેનો અર્પણ-સમારંભ તા. ૨૬મી ઑગસ્ટ ૧૯૫૧ ને રવિવારે સાંજે પાંચ વાગ્યે ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટ્યૂટના હૉલમાં લેડી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠના પ્રમુખપદે થયો હતો. આરંભમાં સંદેશા-વાચન થયા બાદ જુદાજુદા વક્તાઓએ શ્રી. બચુભાઈનો પરિચય આપ્યો હતો.

શ્રી. ધૂમકેતુ

શ્રી. ધૂમકેતુએ શરૂઆત કરતાં જણાવ્યું હતું કે શ્રી. બચુભાઈ રાવતે પોતાના જીવનનો આરંભ એક શિક્ષક તરીકે કર્યો હતો. એમના પિતાશ્રી ગોંડલ રાજ્યમાં વેટરિનરી સર્જન અને પૉડોક સુપરિન્ટેન્ડેન્ટના હોદ્દા ઉપર હતા અને શ્રી. બચુભાઈએ ધાર્યું હોત અને રાજ્યની નોકરી પસંદ કરી હોત તો આજે ત્યાં રેલવેના ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટના હોદ્દા સુધી પહોંચ્યા હોત એ પ્રસંગ હું જાણું છું. પરંતુ એમણે તો અક્ષરસેવા જ પસંદ કરી. શરૂથી જ એમને સંપાદનનો શોખ હતો. ગોંડલમાં એ 'જ્ઞાનાંજલિ'નામનું હસ્તલિખિત માસિક ચલાવતા, જેમાં લેખો લખવા તથા સુશોભનો કરવાથી માંડી આખું પત્ર સ્વહસ્તે ઉતારવા સુધીની બધી જ કલા હસ્તગત કરી હતી. એ વખતનાં હસ્તલિખિત માસિકોમાં જ નહિ પણ આજે નીકળતાં અનેક હસ્તલિખિત માસિકોમાં પણ એ અનેરી ભાત પાડે તેવું નીકળતું. કલાની સૂઝ પ્રથમથી જ એમને હોવાથી તથા સ્વચ્છતા ને સુઘડતા એમને અત્યંત પ્રિય હોવાથી શરૂથી જ એમના પ્રત્યેક કાર્યમાં એ તરી આવતી.

હું પણ ગોંડલમાં શિક્ષક જ હતો તે દરમ્યાન શ્રી. બચુભાઈ અમદાવાદ આવ્યા. અહીં સ્વ. ભિક્ષુ અખંડાનંદે એમને નાના પગારથી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં રોકી લીધા અને ત્યાં એમને મનગમતું કામ મળી ગયું. અહીંથી એમની મુદ્રણકળા તરફની અભિરુચિ, સંપાદનકળાની આસક્તિ અને વર્તમાનપત્રકળા તરફનો પ્રેમ વૃદ્ધિ પામ્યાં. હું એ પછી અહીં આવ્યો અને મારા જીવનના અહીંના આરંભમાં સૌથી પ્રથમ શ્રી. બચુભાઈની મદદ મેળવવા ભાગ્યશાળી થયો. ઘર માંડવાથી લઈ જીવનના અન્ય વ્યવહારોમાં પણ એ મને સહાયક થઈ પડ્યા હતા. એના જેવા ચીવટથી કામ કરનાર અને લેનાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વચ્છ અને સુઘડ કામના આગ્રહી અને વિષયની મજબૂત પકડવાળા વિદ્વાન ગુજરાતને થોડા જ મળ્યા છે. એમની વેશભૂષાથી લઈ એમના હસ્તકના પ્રત્યેક કાર્યમાં એ આપણે અનુભવી શકીએ છીએ. એમની અનેકવિધ સેવાઓની કદર તરીકે સાહિત્ય સભા આજે એમનું સંમાન કરી રહી છે એ સુયોગ્ય જ થયું છે. એમને મારા હૃદયનાં અભિનંદન આપું છું.

શ્રી. રવિશંકર રાવળ

શ્રી. રવિશંકર રાવળે તેમનો વિસ્તૃત પરિચય આપતાં જણાવ્યું હતું કે શ્રી. બચુભાઈ રાવતની સાથે મારે વર્ષોનો નિકટ પરિચય છે અને તે 'કુમાર'ના અંતરંગ કાર્યકર્તા તરીકે મારા બહુ જ અંગત સંબંધમાં આવ્યા હોવાથી તેમના વિશે કહેતાં મારી જાતને હું દૂર રાખી શકું તેમ નથી. છતાં ઇતિહાસને ખાતર કેટલીક માહિતી આપવી આવશ્યક સમજું છું. ઈ. ૧૯૧૮માં હું જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજના પ્રિન્સિપલ સ્કૉટનું લાઈફ પેઇન્ટિંગ કરવા ગયો હતો તે વખતે ઊગતા કલાકાર શ્રી. રવિશંકર પંડિત એ કૉલેજમાં અભ્યાસ કરતા હતા તેમનો મેળાપ થયો. તેમના નિમંત્રણથી, પેઇન્ટિંગનું કામ પૂરું કરી પાછો ફરતાં હું ગોંડલમાં તેમના ઘેર રોકાયો ત્યાં શ્રી. બચુભાઈ રાવત તથા શ્રી. દેશળજી પરમારનું ઓળખાણ થયું. એ નાનકડા મિત્રમંડળમાં કલા ને સાહિત્યના ઊંચા સંસ્કાર પડેલા જોયા અને તેમના વિચારો તથા ઉત્કર્ષ બતાવતું હસ્તલિખિત માસિક 'જ્ઞાનાંજલિ' બચુભાઈએ બતાવ્યું. તેની સ્વચ્છતા, સંપાદન તેમજ એકધારી લેખનકળા તથા ભાઈ પંડિતનાં ચિત્રોથી એ નવી ભાતની પ્રવૃત્તિએ મને બચુભાઈ માટે આદર અને આકર્ષણ કરાવ્યાં. તેમણે પછીના અંક માટે મારા ચિત્ર તથા સુશોભનની માગણી કરી તે મેં માન્ય રાખી અને એમનો એ અગાઉનો અંક મેં મિત્રોને બતાવવા સાથે લઈ જઈ મુંબાઈમાં 'વીસમી સદી' માસિકના તંત્રી શ્રી. હાજીમહમદને પણ બતાવ્યો. દરેક જણે તેની પ્રશંસા કરી.

૧૯૧૯માં હું અમદાવાદ આવી વસ્યો અને ગોંડલના અંધિયાર વાતાવરણમાંથી છૂટવા તરફડતા બચુભાઈએ પણ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં નોકરી મેળવી. ત્યાં તે અનુવાદો, હસ્તપ્રતોનું સંપાદન, પ્રૂફરીડિંગ, ગ્રાહકોનાં રજિસ્ટરો ને રોજિંદા હિસાબો સુધ્ધાં સર્વ પ્રકારનું કામ કરતા. રોજ નિયમિત મારે ત્યાં આવતા અને કલાચર્ચા કરતા. હિંદી કળા અને હિંદી સંસ્કારવાળાં સુશોભનો તથા ચિત્રસંયોજન વગેરે બાબતોમાં એ વખતે તેમને નવી દિશા મળી.

દરમિયાન એક વાર હું તેમને મુંબાઈ લઈ ગયો અને હાજીમહમ્મદની ભેટ કરાવી. હાજીમહમ્મદે તેમના ગુણોની પ્રશંસા કરી. તેમના જેવા સાથીને રાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઘણા ઉત્સુક હતા, પણ પોતા પર આવેલી સખ્ત નાણાંભીડને લઈને લાચાર થયા હતા. મને લાગ્યું કે આવા અનુભવી સંપાદક પાસે જ અચ્યુભાઇનો વિકાસ થઈ શકે, એટલે તે માટે મારા એક સ્વજન સમા શ્રીમંત મિત્રને વિનંતિ કરી તે પરથી તેઓ એક વર્ષ સુધી દર માસે ૬૦ રૂપિયા સ્કૉલરશિપની જેમ અચ્યુભાઈને આપવા સંમત થયા. એ વાત નક્કી કરી અમે અમદાવાદ આવ્યા અને અચ્યુભાઇએ સસ્તું સાહિત્યમાંથી એક માસને અંતે છૂટા થવાની નોટીસ આપી દીધી.

પણ વિધિઘટના જુદી જ હતી. એ નોટીસનો મહિનો પૂરો થાય તે પહેલાં જ ૨૧મી જાન્યુઆરી ૧૯૨૧ના રોજ મને મુંબાઈથી હાજીના પુત્રનો તાર મળ્યો કે હાજી આ જગત છોડી ઈશ્વરાધીન થયા. હાજીના આઘાતનો અને અચ્યુભાઈને નોકરી છોડાવ્યાની જુમ્મેદારીનો ભાર ખમતો હું મુંબાઈ ગયો, પણ ત્યાં હાજીની પાછળની તેમના કુટુંબની આર્થિક સ્થિતિ જોતાં ખિન્ન થયો. 'વીસમી સદી' પણ હાજી પાછળ સૂઈ ગયું અને તેનાથી પ્રકાશિત થયેલા, લાભ પામેલા અગર પ્રસન્ન થયેલા શક્તિમાનો તથા શ્રીમાનોમાંથી કોઇએ તેની એ વહાલી પ્રવૃત્તિને બચાવી કે જવાડી નહિ, એટલું જ નહિ, પણ આવી અદ્‌ભુત સંપાદનશક્તિ અને સચિત્ર પત્રકારત્વના અગ્રણીને યોગ્ય સ્મારક કરવાનો વિચાર પણ કોઈમાં જોયો નહિ. એટલે મારી દુભાયેલી લાગણીને વશ થઈ મેં જ અમદાવાદથી તેનો એક સ્મારકગ્રંથ બહાર પાડવાનો સંકલ્પ કર્યો અને તુરત તેની જાહેરાત કરી અચ્યુભાઈને તે કાર્યમાં જોડી દીધા.

મારો ધંધો સ્વતંત્ર ચિત્રકારનો હતો, એમાં નિર્વાહ અને અચ્યુભાઈનું માસિક વેતન પૂરાં પાડવા બહુ શ્રમ ખેંચવો પડતો. પણ દૈવયોગે શેઠ અંબાલાલ સારાભાઇને એક કળાશિક્ષકની જરૂર પડી અને તે માટે મારી પસંદગી થઈ એટલે મેં તેનો સ્વીકાર કરી લીધો. દોઢ વર્ષે જોઇતાં ખર્ચ વેઠીને તૈયાર કરેલો 'હાજી-મહમ્મદ-સ્મારક-ગ્રંથ' બહાર પડ્યો ત્યારે હું આર્થિક બોજા ઉપરાંત મારી નોકરીની બંધણીથી થાકયો હતો અને અચ્યુભાઇને પણ છાપખાનાનો તથા સંપાદનનો સારો અનુભવ મળી ગયો હતો, એટલે શ્રી. જુગતરામ દવેને કહી અચ્યુભાઈને નવજીવન પ્રકાશન મંદિરમાં ગોઠવ્યા.

બીજી તરફ 'વીસમી સદી' ગયા પછી જે જે માસિકોએ તેના કાર્યની નકલ કરી તે કોઈ સફળ થયાં નહિ. કોઈ પણ સંપાદકમાં તેમના જેટલું કલા-કૌશલ અને કલા પ્રતિનો આદર નહોતાં. આથી અમે ઘણી મથામણો અને મૂંઝવણોને અંતે 'કુમાર' શરૂ કરવાનો નિશ્ચય કર્યો અને અચ્યુભાઈને નવજીવન છોડાવ્યું. એક વર્ષ તો 'કુમાર' નવજીવનમાં છપાયું, પણ 'કુમાર'નું પહેલું રંગીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્ર તથા શરૂના કેટલાક માસનાં પૂરાં તો સામટાં કલકત્તામાં જ તૈયાર કરાવી મગાવ્યાં. મારો આગ્રહ હતો કે માસિક સચિત્ર કરવું હોય તો બ્લૉકખાતું પોતાનું જ જોઈએ; આથી મેં મુંબાઈથી તેનો સામાન મેળવી બ્લૉકખાતું તો એકેક માસ પહેલાં શરૂ કરી દીધું હતું. ત્યાં એક વર્ષને અંતે નવજીવનમાંથી સ્વામી આનંદની ચિઠ્ઠી આવી કે 'કુમાર'ના કંપોઝમાં જે જાતની કરકસર અને ગોઠવણ કરવામાં આવતી હતી તે કરવા જતાં તેમને ખોટ જાય છે, તેથી તેઓ 'કુમાર' છાપી નહિ શકે. આથી નવજીવનનું જ એક આર્ટ પ્રિન્ટિંગ જર્મન મશીન ખરીદી લઈ મારા ઘરની નજીક ભાઈશંકર નાનાભાઈ ટ્રસ્ટનું સંસ્કૃત પાઠશાળાનું મકાન ભાડે રાખી ત્યાં 'કુમાર પ્રિન્ટરી'નું સ્વતંત્ર છાપખાનું પણ શરૂ કરી દીધું. બ્લૉકમેકિંગ, પ્રિન્ટિંગ અને પબ્લિશિંગનાં ત્રણે ખાતાં સગાવતી એ સંસ્થા પર આજે સતત અઠ્ઠાવીસ વર્ષથી બચુભાઈ કાર્યનિયામક તરીકે છે. આટલાં વર્ષોમાં એ કુમાર કાર્યાલયે 'કુમાર' દ્વારા સંપાદનકાર્યમાં જે નવીનતાઓ કરી બતાવી છે તથા જે કળાકારોને તાલીમ અને વિકાસ સાધવામાં સહાય કરી છે તેમાં બચુભાઈનું કાર્ય મોખરે છે. એ સચિત્ર પત્રકારત્વના કુશળ સંપાદક ઉપરાંત મુદ્રણના પણ પ્રથમ પંક્તિના કલાકાર બની રહ્યા છે અને તેની પ્રતીતિ પરદેશનાં મુદ્રણકળાનાં સામયિકોએ પણ તેમના કામની નોંધ લઈને કરાવી છે. ઘણાં વર્ષોથી ગુજરાતની પ્રકાશનકલા અને પૃષ્ઠરચનાઓમાં જે વૈવિધ્ય અને નવીનતા દેખાવા લાગ્યાં છે તેનો સ્વીકાર બીજાઓ કરે કે ન કરે, પણ ઇતિહાસ તો સાક્ષી પૂરશે કે શ્રી. બચુભાઈએ જ સર્વમાં પહેલ કરી નવી કેડીઓ પાડી હતી અને ઘણા પ્રકાશકો તથા છાપખાનાંઓને એમના ધંધામાં વિશેષતા કરી બતાવવાની તથા કમાવાની દિશાઓ બતાવી હતી. બીજાં તથા તેનાં ઘાટરૂપ વિશેની એમની બારીક સમજણ તથા પરીક્ષાશક્તિથી તેમણે નવીનવી લહેરાતી શૈલીનાં લેખમથાળાં ઉપજાવ્યાં છે, તે સાથે ગુજરાતમાં અતિ લોકપ્રિય થયેલી ગોળ પેટવાળી ગુજરાતી અક્ષરોની લિપિ સળંગ તૈયાર કરી પ્રચારમાં આણી છે. પા સદી કરતાં પણ વધુ સમયથી પ્રચલિત એ મરોડને 'કુમારે' 'રાવત લિપિ'ના નામથી પ્રસિદ્ધ કર્યા પછી ઘણાઓને તેનો ઉપયોગ કરવાનો છંદ લાગ્યો છે.

આ બધી વાતની ગુજરાત આજે જાહેર કદર કરે છે તે જોઈ હું જાતે ઘણો સંતોષ અને ગર્વ લઉં છું, કેમકે મેં કુમાર કાર્યાલયને એક શિક્ષણ પ્રકારની કલાસંસ્થા માનીને જ નિભાવી હતી. તેમાં થયેલા પ્રયોગો ધંધાની નજરે જોઈતો લાભ આપી નહિ શક્યા હોય, પણ કલાની પરખ અથવા કલાની સમજવાળાં માનવીઓ તો તેણે ઉત્પન્ન કર્યા જ છે. ચિત્રકારો ઉપરાંત ઘણા લેખકો, બ્લૉક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેકરો, પ્રિન્ટરો, કંપોઝિટરો વગેરે 'કુમાર'ની દીક્ષા પામી બહાર જઈ ઉન્નતિ અને ઉત્કર્ષ પામ્યા છે. શ્રી. બચુભાઈએ એ સંસ્થા પ્રત્યે પોતાનું મમત્વ સ્થાપી તેના કાર્યને યજ્ઞરૂપે સંભાળી રાખ્યું છે એ તેમના જીવનની ધન્ય કથા છે.

શ્રી. ચુનીલાલ વ. શાહ

શ્રી. ચુનીલાલ વ. શાહે બોલતાં જણાવ્યું હતું કે શ્રી. બચુભાઇનો કલાપ્રેમ 'કુમાર'ના મુદ્રણમાં તેમજ જૅકેટોમાં તરી આવે છે. કેવો કાગળ જોઇએ ત્યાંથી માંડી કેવી ગોઠવણ જોઇએ અને કયાં કેવો રંગ આવવો જોઇએ એ વિશેની સંપૂર્ણ ઝીણવટ એઓ યથાવત્ જાળવે છે એ એમની વિશેષતા છે. ગુજરાતના એક પણ મુદ્રકમાં આ વૃત્તિ સભાનતાપૂર્વકની જોવામાં આવતી નથી. સંસ્થા પાછળની અનન્ય ભક્તિથી એમણે મુદ્રણકળાનું અદ્યતન જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. પરદેશના તદ્વિષયક સાહિત્યને વસાવી છેલ્લી માહિતીથી એઓ આજે વાકેફ છે. એમની અક્ષરભક્તિ કેટલી પ્રબળ છે, ગુજરાતી અક્ષરોને વિવિધ પ્રકારના મરોડ આપી એને સુંદરતાની આકર્ષક કોટિએ મૂકવાની એમને કેટલી ધગશ છે એ એમની 'રાવતલિપિ'થી જાણવામાં છે. આ મરોડ એમની કલાપ્રિયતાનો કહો, સૌંદર્યપ્રિયતાનો કહો, એક સૂચક નમૂનો છે. એમણે ગુજરાતી લિપિના નાગરીકરણનો પ્રશ્ન ઉઠાવી,—ખરી રીતે કહીએ તો નાગરી લિપિના ગુજરાતીકરણનો પ્રશ્ન ઉઠાવી નાગરીના જુદા પડતા અક્ષરોને ગુજરાતી ઓપ આપી નવાં બીબાંના ઘાટને ગુજરાતમાં ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો. સરકારે પણ એમની એ સેવાઓ લક્ષ્યમાં લઈ એક લિપિની શકચતા પર વિચાર કરવા નીમેલી સમિતિમાં એક સભ્ય દરજ્જે વરણી કરી. લિપિ વિશેના નિર્ણયોમાં ગુજરાતી લિપિ જ રાષ્ટ્રલિપિ થવાને ક્ષમ છે એ વાદ એમણે પુરસ્કૃત કર્યો છે અને જે જુદા-જુદા મરોડ સૂચવાયા છે તેમાંનો એમનો સૂચવેલો ગુજરાતી મરોડ કલાની દૃષ્ટિએ પણ તુલનાએ વધુ સુશોભિત ને રોચક છે. એમની પુત્રીના લગ્નની કુંકુમપત્રિકામાં તો એમના અભીષ્ટ ગુજરાતી મરોડમાં જ એમણે લેખન કર્યું છે. એની સુંદરતા જોઇ મને લાગ્યું હતું કે સિદ્ધરાજનું લગ્ન થયું ત્યારે જો મીનળદેવીએ કંકોતરી લખાવી હશે તો તે આવી સુંદર અને આવા જ મરોડના અક્ષરમાં હશે.

એક પત્રકાર તરીકે તો 'કુમાર'માં આવતી વિવિધ સામગ્રી આપવાની એમની શક્તિમાં એ વર્ષોથી આપણને એક માર્ગદર્શકની ગરજ સારી રહ્યા છે. એમને હું ખરા દિલનાં અભિનંદન આપું છું.

પ્રો. યશવંત શુકલ

પ્રો. યશવંત શુકલે જણાવ્યું હતું કે એમને સુવર્ણચંદ્રક આપવાનું વર્ષોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારાયું હતું, પણ શ્રી. બચુભાઈ ના ના જ કહ્યે જતા હતા. માંડમાંડ સ્વીકાર્યું તોપણ એમને સંકોચ તો થતો જ હતો, એવા તો એ શરમાળ પ્રકૃતિના છે. એમના વિષયમાં ગુજરાતમાં તો એમની જોડનો કોઇ નથી એમ કહેવામાં હું જરા પણ અત્યુક્તિ કરતો નથી. માણસ તરીકે પણ એ એક નમૂનેદાર માણસ છે એમ એમના અનુભવમાં આવેલા હરકોઇને થયા વિના નહિ રહે. ૧૯૩૮માં હું 'પ્રજ્ઞબંધુ'માં જોડાયો ત્યારથી એમની દર બુધવારની કાવ્યસભામાં ભાગ લેતો હતો. એ નાનકડી સભામાં ખુલ્લા દિલથી થતી પરસ્પરની સ્પષ્ટ ચર્ચાઓમાં તે, બીજાની વાત રસથી સાંભળવી, ધ્યાનથી એમાં ઊંડે ઊતરી ગુણ યા દોષનું દર્શન કરાવવું, અને તે સ્પષ્ટતાથી છતાં સામાને જરા પણ ખોટું ન લાગે એવા સદ્‌ભાવથી સમજાવવું, આ હતો શ્રી. બચુભાઇનો પ્રત્યેક સપ્તાહનો અવિરત કાર્યક્રમ. અને આપણે જોઇએ છીએ કે ગુજરાતના આજના લબ્ધપ્રતિષ્ઠ યુવાન કવિઓને એ કાવ્યસભાની ચર્ચાઓથી એકંદરે લાભ થયો છે. મારી પોતાની કાવ્યની સમજ પણ આ ચર્ચાઓથી સ્પષ્ટ થઈ હતી. શ્રી. બચુભાઈની સાથે જે જે સંપર્કમાં આવ્યા છે તેઓ એમની સાથે કુટુંબવત્ સંબંધીઓ બની ગયા છે એ જ એમની વિશિષ્ટતા છે. એની પાછળ સામાનું સ્પષ્ટ અને સૂચક હિત જ રહ્યું હોય છે એવો ઘણા મિત્રોનો અનુભવ છે. કોઇને એવો પ્રશ્ન કદાચ ઊઠે કે બચુભાઇને સાહિત્યકાર કહેવાય ? 'કુમાર'ની ફાઇલો ઉથલાવનારને કદાચ આ ન યે સમજાય; પણ 'કુમાર'માં કવિતા અને લેખો આપનારા લેખકો એ બરાબર જાણે છે. એકેએક કવિતા, એકેએક લેખનો કણેકણ ઝીણવટથી તપાસી, લેખોને તો કેટલીક વાર લગભગ નવા જ અવતારમાં શ્રી. બચુભાઈ અવતારે છે : એક જ ધ્યેયથી કે એ લેખ વાચકને રોચક કેમ થાય અને છતાં એમાંનો પ્રત્યેક મુદ્દો સચોટ અને ચોક્કસતાપૂર્ણ રહે. શ્રી. બચુભાઇ આમ એક પ્રચ્છન્ન સાહિત્યકાર છે.

શ્રી. ઉમાશંકર જોષી

ત્યાર પછી શ્રી. ઉમાશંકર જોષીએ પરિચય આપતાં જણાવ્યું કે શ્રી. બચુભાઇને છેલ્લાં વીસેક વરસથી ઠીકઠીક નજીકથી ઓળખું છું. ઇ. ૧૯૩૨ની સત્યાગ્રહની લડત પછી કચારેક અમે કવિમિત્રો 'કુમાર' કાર્યાલયમાં—પાછળ મેડા ઉપર ધામા નાખતા. ત્યાં થોડી જ વારમાં અમે બચુભાઈના કુટુંબી જેવા થઈ ગયા. એમના ઘરના આતિથ્યનો પણ સારો લાભ લીધો છે. બચુભાઈની દિનચર્યા જોવી એ અત્યંત રસપ્રદ વસ્તુ હતી. એમની અવિશ્રાન્ત કાર્યપરાયણતા, ચીવટભરી વ્યવસ્થાશક્તિ તરત જ ધ્યાન ખેંચે. 'કુમાર'નો ૧૦૦મો અંક તૈયાર થઈ ગયો કે તરત ટેબલ ઉપર કચાંક એક લિફાફો મૂકી રાખ્યો હોય તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતા સોમા અંક માટેની વાનગીઓ સંઘરાતી આવે. એમના ઘર 'નેપથ્ય'ની વ્યવસ્થા જોઇએ કે એમનો પહેરવેશ જ જોઇએ—દરેક વિગત પાછળ વિચાર કરવામાં આવ્યો છે એ જોઈ શકાશે. ઝીણીઝીણી વિગતો પર ધ્યાન આપતી કુશળ વ્યવહારુ દૃષ્ટિનો પરિચય એમના સંબંધમાં આવનારને થયા વગર નહિ રહે. એક નાનો દાખલો આપું. એમની સાથે હતો ત્યારે મોટી શાકમાર્કેટમાં એમને શાક ખરીદતાં મેં એક વાર જોયેલા. ભાજી આજ સાંજ માટે, રીંગણ કાલ સવાર માટે,...તો સૂરણ બટાટા છેક ત્રીજા-ચોથા દિવસ માટે, એમ વિચાર-પૂર્વક બેચાર દિવસનું શાક, સમય બચાવવા, એકસામટું ખરીદતાં એમને જોવા એ એક પદાર્થપાઠ હતો.

શ્રી. બચુભાઈ 'કુમાર'માં જોડાયા એ પહેલાં થોડો વખત શિક્ષક હતા. 'કુમાર'માં આવીને એ શિક્ષક મટ્યા નથી. એમને પોતાને પણ નવુંનવું જાણવાની અદમ્ય આકાંક્ષા હમેશ રહી હોય એમ લાગે છે. 'કુમાર' દ્વારા એક સારા શિક્ષકને શોભે એ રીતે જાણે એમણે એક શાળા જ ચલાવી છે. ગુજરાતના ઘડતરમાં 'કુમાર' માસિકનો ગણનાપાત્ર ફાળો છે તેમાં શ્રી. બચુભાઇનો આ શિક્ષક-જીવે સારો ભાગ ભજવ્યો છે. દુનિયાની વિવિધ વસ્તુઓ વિશે ચોમેરથી એ સામગ્રી શોધી લાવે છે. 'કુમાર'નો અંક પંદરમી તારીખે હાથમાં આવે છે ને એની પાછળ બચુભાઇનો અવાજ જાણે સંભળાય છે : 'જુઓ, પચાસ વરસે પણ હું નવુંનવું શીખવા સતત મથું છું; તમને પણ આ બધું જાણવામાં જરૂર રસ પડશે!'

કવિતા પ્રત્યે શ્રી. બચુભાઇની હમેશાં મમતા રહી છે. એમની પોતાની એક કવિતા હાજીમહમ્મદ-સ્મારક-ગ્રંથમાં પ્રકટ થયેલી છે. પછી એમની કવિતા કાગળ ઉપર શાહીની રમણામાં—મુદ્રણકળામાં રેલાઈ છે, પણ કવિતાનો રંગ એમને કદી છોડી ગયો નથી. ૧૯૩૦ પછીની 'દુર્બોધ' લેખાતી કવિતા ઉપર શ્રી. બચુભાઇનો સવિશેષ ઉપકાર છે. 'કુમાર'નું કવિતાનું પહેલું પાનું રોકો ઉથલાવી જ દેતા; પણ કવિતાની સમજૂતી આપતી અને વાચકોને કવિતામાં રસ લેતા કરવા, એને શ્રી. બચુભાઈ ચાલુ વળગી જ રહ્યા. એવામાં ભાઇશ્રી સુંદરમ્, રામપ્રસાદ શુક્લ અને હું વારંવાર 'કુમાર'માં અડ્ડો જમાવતા. ઘણી કવિતા લખાતી. બુધવારે સાંજે બીજા તરુણ કવિમિત્રો અને કાવ્યપ્રેમીઓ સમક્ષ કાર્યાલયમાં એ બધી કૃતિઓનું 'ક્લિયરિંગ હાઉસ' જ રચાતું. બચુભાઇમાં ચિકાટી (tenacity) ભારે છે. દર બુધવારે, ધારો કે કોઈ જ ન આવ્યું હોય તોપણ, કાર્યાલયમાં દસ વાગ્યા સુધી નવીન કવિતાની રાહ જોતા એ સતત ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમિત બેઠા જ છે: આજે બે દસકા થયા, પણ ભાગ્યે જ એમાં અપવાદ થયો હોય.

આવા સારા મુદ્રણ-કવિને અદ્યતન સાધન સુલભ થયું નથી એ કમ-ભાગ્યની વાત છે. આપણે ત્યાં યુનિવર્સિટીઓ થાય છે અને તેને જોડાયેલી યંત્રવિદ્યાની શાખાઓ ઉત્તમ રીતે વિકસે એવો સંભવ છે. આશા રાખીએ કે તેઓ મુદ્રણશાળા પણ ખોલે અને શ્રી. બચુભાઈ જેવાઓની સેવાઓ દ્વારા ગુજરાતમાં જ નહિ પણ સારા દેશમાં મુદ્રણકળાના ઉત્તમ શિક્ષણનો પ્રચાર થાય.

શ્રી. હરિનારાયણ આચાર્ય

શ્રી. હરિનારાયણ આચાર્યે બોલતાં જણાવ્યું હતું કે હું જ્યારે અહીં આવવા નીકળ્યો ત્યારે મને જરાયે ખયાલ ન હતો કે મારે આજે બોલવું પડશે. શ્રી. બચુભાઇ સાથેનો મારો સંબંધ ઘણો જૂનો છે, છતાં હું એમના નિકટના મિત્રમંડળમાં ન ગણાઉં. એટલે મારા પુરોગામી એમના મિત્રોએ જે કહ્યું છે એમાં મારે કંઇ ઉમેરવાનું નથી. એ પરિસ્થિતિમાં મારે થોડી અંગત વાત કહીને મન વાળવું પડશે.

એ વાત 'કુમાર'માં પ્રકૃતિ વિષયની મારી લેખનપ્રવૃત્તિના અંગની છે. 'કુમાર'માં પક્ષીઓ આદિ વિષયમાં મેં જે કાંઈ લખ્યું છે એ સર્વ માટે ગુજરાતે શ્રી. બચુભાઇનો જ આભાર માનવાનો છે. 'કુમાર' અંગે મારો આરંભનો સંબંધ શ્રી. રવિભાઇ સાથે હતો. એક પ્રસંગે મારી એક વાર્તા 'કુમાર'માં છપાયેલી. એમાં કેટલાંક પ્રાણીઓનો ઉલ્લેખ આવતો હતો. એ પ્રત્યેક પ્રાણીનો પરિચય કરાવવામાં આવે તો 'કુમાર'ના વાચકોને પ્રાણિજીવન વિશે ઘણું જાણવાનું મળે, એવું મને લાગવાથી એ વાત મેં શ્રી. બચુભાઇને કરી. એ વાત એમને ગમી અને એ રીતે 'કુમાર'માં મારી પ્રાણિજીવનની લેખમાળાનું મંગળાચરણ થયું. એ પછીની 'કુમાર' અંગેની મારી સમગ્ર લેખનપ્રવૃત્તિનો યશ શ્રી. બચુ-ભાઇને ઘટે છે. સ્વભાવે જ હું લેખનકાર્ય પ્રત્યે ઉદાસીન છું, કારણ કે લખવા કરતાં વાંચવું મને વધુ ગમે છે. એટલે જો બચુભાઇનું સતત દબાણ ન હત તો મેં 'કુમાર'ની લેખમાળાની એક લીટી પણ લખી ન હત. પરંતુ ગુજરાતી સાહિત્યની આ શાખા ખીલવવાની શ્રી. બચુભાઇની ઉત્કંઠા એટલી તીવ્ર હતી કે પ્રત્યેક અંકમાં મારો લેખ આવે એવું એ ઇચ્છતા અને એ માટે 'કુમાર'ના પ્રકાશનને મોડું કરતાં પણ એ અચકાતા નહિ. પરિણામે એમને શ્રી. રવિભાઇ પાસેથી સાંભળવું પડતું. શ્રી. રવિભાઇ તો નિયમિતતાના ભારે ઉપાસક. એક જ વ્યક્તિના લેખ માટે 'કુમાર'ના પ્રકાશનમાં વિલંબ થાય એ એમને ન ગમે. જેટલી લેખસામગ્રી તૈયાર હોય એટલી આપીને પણ 'કુમાર' પ્રત્યેક માસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચિત દિને એના વાચકોના હાથમાં મૂકવું જોઇએ, એવો આગ્રહ એ રાખે. પરંતુ જ્યાં મારા લેખની વાત આવે ત્યાં શ્રી. બચુભાઈ ઉપર શ્રી. રવિભાઈના આવા આગ્રહની કશી જ અસર ન થાય અને મારો લેખ ન આવે ત્યાંસુધી 'કુમાર'ને મોહું કરે. આવા વિલંબ પાછળ, મારા પ્રત્યેની અંગત મમતા કરતાં 'કુમાર'માં આવતી વિવિધતા સાચવવાની વૃત્તિ જ એકમાત્ર કારણ હતી, એ પણ કહી દઉં. આવું દસેક વર્ષ ચાલ્યું હશે. પછી શ્રી. બચુભાઇએ કોઈ નવો ચેલો મૂંડ્યો હશે એટલે એમની નજર મારા ઉપરથી સહજ ખસી કે હું છટક્યો અને 'કુમાર'માં લખવાનું મેં મૂકી દીધું

'કુમાર'નું કલેવર ઘડવામાં શ્રી. બચુભાઈના ફાળા સંબંધની વાત શ્રી. રવિભાઇએ કરી એ વિષયમાં હું થોડું ઉમેરું. બીજા વિશ્વયુદ્ધની વિપરીત અસર અને શારીરિક અસ્વસ્થતાના કારણે શ્રી. રવિભાઈ એ 'કુમાર'નું પ્રકાશન અચોક્કસ મુદત માટે બંધ કરવાનો નિર્ણય કર્યો. સ્વભાવે હું એકલપેટો હોવાથી હું ભાગ્યેજ કોઈની સાથે સંબંધ રાખું છું, છતાં કોઈ અગમ્ય કારણથી 'કુમાર' પ્રત્યે મારી ભારે મમતા જામેલી. એટલે 'કુમાર' બંધ રવાનો શ્રી. રવિભાઈનો વિચાર જાણીને મને આચકો લાગ્યો. શું થાય તો 'કુમાર' ચાલુ રહે એનો વિચાર હું કરતો હતો, ત્યાં સહસા, ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ અર્થે સદૈવ પ્રયત્નશીલ શ્રી. ચૈતન્યપ્રસાદ દીવાનનું મને સ્મરણ થયું. એમની સાથે અંગત સંબંધ ન હોવા છતાં એમને મળવાનું મેં સાહસ કર્યું અને 'કુમાર'નું પ્રકાશન ચાલુ રહે એવો કોઈ માર્ગ શોધી કાઢવાનું મેં એમને કહ્યું. શ્રી. દીવાનને મારી ચિંતા વાજબી લાગી અને જો હું એમના પડખે ઊભો રહું તો એ વિષયમાં યથાશક્તિ પ્રયત્ન કરવા પોતે તૈયાર છે એવું એમણે મને કહ્યું. મેં તરત હા પાડી. પછી અમે શ્રી. રવિભાઈ તથા એમના કૈલાસવાસી પિતાશ્રીને મળ્યા. પરિણામે કુમાર કાર્યાલય લિમિટેડ રચાયું. કુમાર કાર્યાલય જ્યારે શ્રી. રવિભાઈની માલિકીનું હતું ત્યારે એની સમગ્ર આર્થિક જવાબદારી શ્રી. રવિભાઈની પોતાની હતી. શ્રી. બચુભાઇને શિરે માત્ર 'કુમાર'નું પ્રકાશન અને પ્રેસનું સંચાલન જ કરવાનું રહેતું. એમાં પણ શ્રી. રવિભાઈની યથાસમય સહાય ને દોરવણી મળતાં. કુમાર કાર્યાલયનું લિમિટેડ કંપનીમાં પરિવર્તન થતાં એની સમગ્ર જવાબદારી ડિરેક્ટરોના બોર્ડની ગણાય. પરંતુ વસ્તુતયા તો સમગ્ર ભાર આજે શ્રી. બચુભાઈના શિરે પડ્યો છે. 'કુમાર'નું પ્રકાશન અને પ્રેસનું સંચાલન કરવા ઉપરાંત સંસ્થાની આર્થિક સ્થિતિ અંગે પણ એમને જ સદૈવ સચિંત રહેવું પડે છે અને સમગ્ર જવાબદારી, રજ પણ કચવાટ વિના, બહુ સારી ન ગણાય એવી શરીરશક્તિ વડે અને એકલે હાથે એ વહ્યે જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી એક વાત. ગુજરાત પ્રકૃતિ મંડળ અને એની પ્રવૃત્તિથી આપ સાવ અજાણ્યા નથી. એ સંસ્થાના ઉત્કર્ષમાં પણ શ્રી. બચુભાઈ નો મોટો ફાળો છે. એ સંસ્થાના ઉત્પાદકોમાંના એ એક હોવા ઉપરાંત આજે મંડળના સામયિક 'પ્રકૃતિ'ને સર્વાંગસુન્દર કરવાનો ભાર પણ એમના શિરે છે.

ગુજરાતી સાહિત્યના વિકાસ અર્થે શ્રી. બચુભાઇએ જીવનભર જે વિવિધ-મુખી પ્રવૃત્તિ કરી છે, એની ગુણવત્તા પિછાનીને ગુજરાત સાહિત્ય સભાએ એમને રણજિતરામ સુવર્ણચંદ્રક આપવાનો નિર્ણય કર્યો છે એ સર્વથા યોગ્ય જ થયું છે અને એ માટે સભાને ધન્યવાદ ઘટે છે.

શ્રી. અશોક હર્ષ

અંતમાં શ્રી. અશોક હર્ષે પોતાના ભાવ વ્યક્ત કરતાં કહ્યું કે શ્રી. બચુભાઈ વિશે મુદ્રક, સંપાદક, મિત્ર અને મુરબ્બી તરીકે ઘણું કહેવાઈ ગયું છે, પરંતુ તેમના હાથ નીચે કામ કરનારા તરીકે હું તેમનો થોડોક પરિચય આપું તો તેમના વ્યક્તિત્વની એ વણઉલ્લેખાયેલી બાજૂ પર પ્રકાશ પડીને તેમની ઓળખાણ સંપૂર્ણ બનશે એમ હું માનું છું.

હું કચ્છમાં હતો અને આફ્રિકા જવાનો વિચાર કરતો હતો ત્યાં શ્રી. રવિ-ભાઈ નો પત્ર આવ્યો કે મારે જાપાન જવું હોઈ ને તમે કુમાર કાર્યાલયમાં આવી જાઓ. મારી એ પહેલવહેલી જ નોકરી હતી અને શિસ્ત કે નમ્રતા જેવું કશું-જ મારામાં ન હતું. બચુભાઇ કહે કે અમુક વસ્તુ આમ થાય, એટલે હું કહું કે એમ નહિ પણ આમ થાય. આવું તો વારંવાર બન્યા કરતું; છતાં એમણે જે ધીરજ જાળવી હતી તે અનન્ય હતી. એક વાર 'કુમાર' નો અંક અહાર પાડ-વાનું મને સોંપીને એ મુંબઈ ગયેલા ત્યારે કચ્છથી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીના એજન્ટ અને મારા નાનપણના મિત્ર મુંબઈ જવા નીકળ્યા. મને એમણે સ્ટેશન પર મળવા તાર કરેલો. હું ગયો ને એમણે મને એમની જોડે મુંબઈ જવા બેસાડી દીધો. 'કુમાર' નો અંક એમ જ રહ્યો ને હું મુંબઈ ચાલ્યો ગયો! અમારા એક સહકાર્યકર શ્રીદામ ભટ્ટે બચુભાઇને મુંબઈ કાગળ લખ્યો ત્યારે એમણે લખેલું: 'ભાઈ અશોકની વાત જાણીને મને સખેદાશ્ચર્ય થયું છે.' મેં એ કાગળ-ની લીટી જ માત્ર વાંચેલી; એમણે એમને મોંએ મને કશો જ ઠપકો નહિ આપેલો!

બીજો એક પ્રસંગ શ્રી. વાલજી ગોવિંદજી દેસાઇનો 'પંચતંત્ર'નો અનુવાદ 'કુમાર'માં છપાતો એ વખતનો છે. શ્રી. દેસાઈ ચોપડાના જૂના કાગળો પર કોપીઇંગ પેન્સિલથી લખીને મોકલતા. કાર્યાલયમાં દિવસે પણ દીવો કરીને પ્રૂફ વાંચવાં પડતાં અને દીવા નીચે ચોપડાના જૂના કાગળો પર કોપીઇંગ પેન્સિલનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખાણ દેખાય પણ નહિ. મહામુશ્કેલીએ વાંચી શકાય. મને ગુસ્સો ચડ્યો અને શ્રી. દેસાઇને કાગળ લખી નાખ્યો કે તમારી પાસે સારા કાગળો કે શાહી ન હોય તો હું અહીંથી મોકલી આપું, પણ આવી રીતે લખવાનું બંધ કરો. બચુભાઈ પરના કાગળમાં મારા પત્રનો જવાબ આપતાં એમણે જણાવેલું કે 'ગોંડલમાં કાગળ ને શાહી તો મળે છે પણ થોડા જૂના કાગળો પડ્યા છે તે પહેલાં વાપરી કાઢું.' બચુભાઇએ હસતાંહસતાં મને પૂછ્યું : 'આવો કાગળ તમે લખ્યો હતો?' મેં કહ્યું, 'હા, લખ્યો હતો.'

ત્યાર પછી પણ શ્રી. દેસાઇનું એવી રીતે જ લખાયેલું લખાણ આવ્યું અને પ્રૂફ તથા એમના લખાણનો વીંટો મારા ટેબલ પર આવતાં એ જોઇને મેં સીધો બચુભાઇ પર ફેંકયો ને કહ્યું કે આ પ્રૂફ હું વાંચવાનો નથી. એમણે કશું બોલ્યા વિના વીંટળો ઉપાડી લીધો.

આવા તો ઘણા પ્રસંગો બનેલા. એમને કશું કહેવા જેવું લાગે તોપણ તરત કશું ન કહેતાં રિસેસ વખતે કે બીજે કોઈ સમયે એકલા હોઇએ અને વાતચીત કરતા હોઇએ ત્યારે વાતમાં ને વાતમાં આડકતરી રીતે કહી દે. સીધી રીતે કહેતાં તો હું સામો થઇ જાઉં. પણ કહેવાની આ રીતે મારા પર ઘણી અસર કરેલી. મેં પહેલાં જ કહ્યું તેમ 'કુમાર'માં જોડાયો ત્યારે શિસ્ત કે નમ્રતા જેવું મારામાં ન હતું, અને બચુભાઇને જે કંઇ મેં વિતાડેલું તે એકાદ પ્રેમાળ પિતા જેમ બાળકની લાતો સહન કરે એમ એમણે સહી લીધેલું.

અંતે ડૉ. મૂળશંકર દ્વિવેદીએ એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે બોલતાં 'કુમાર' વિશે અને શ્રી. બચુભાઇની સેવાઓ વિશે પોતાનો સ્વતંત્ર ખ્યાલ આપ્યો હતો.

સુવર્ણચંદ્રક-પ્રદાન

પરિચયવિધિ થયા બાદ લેડી વિદ્યાબહેને શ્રી. બચુભાઇને સુવર્ણચંદ્રક-પ્રદાન કર્યું હતું અને આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી શ્રી. બચુભાઇએ 'સચિત્ર પત્રકારત્વ' વિશેનું પોતાનું અનેક સામગ્રીથી સમૃદ્ધ વિદ્વત્તાભરેલું વ્યાખ્યાન વાંચી સંભળાવ્યું હતું જે આ નીચે અક્ષરશઃ છપાયું છે.

બાદ આભારવિધિ થયે આ યાદગાર સમારંભ પૂર્ણ થયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચિત્ર પત્રકારત્વ

તેર-ચૌદ વર્ષની ઉમરે એક કાર્ટૂન (વ્યંગાલેખન) જોયેલું. ચિત્રકાર થવાની મહેચ્છા ધરાવનાર એક માણસનો ફેજ તેમાં આલેખેલો હતો. ચિત્રના બે ભાગ હતા. ઉપલા ભાગમાં, એક તરુણને, એક મોટા ચિત્રફલક પાસે, હાથમાં પૅલેટ (ચિત્રપાટી) તથા પીંછીઓ લઈને, કોઈ પ્રતિભાશાળી ચિત્રકારની અદાથી ઊભોઊભો ચિત્ર ચીતરતો આલેખ્યો હતો; અને એટલા એ આલેખનની નીચે લખ્યું હતું: What he wanted to be. પછી, નીચલા અરધા ભાગમાં, એ જ માણસને, મામૂલી ઢંગમાં, હાથમાં રંગનું ડોલચું તથા નિસરણી લઈને દુકાનનાં પાટિયાં ચીતરવા નીકળેલો આલેખ્યો હતો. અને તેની નીચે લખ્યું હતું: What he became! અર્થાત્ મહાન ચિત્રકાર થવાની મહેચ્છા ધરાવતો એક માણસ અંતે બજારુ પાટિયાં ચીતરનારો બન્યો, એ તેના જીવનની વિષમતાની તેમાં કરુણ હકીકત હતી.

આદર્શ અને સિદ્ધિ વચ્ચે જીવનમાં સદાયે રહેલું અંતર પ્રબોધતું એ ચિત્ર, તે પછી વધુ સમજણી વય થયા બાદ, હમેશાં મારી ઊણપોનું ભાન કરાવતું રહીને મને ઉદ્યમ અને પુરુષાર્થ માટે પ્રેરતું રહ્યું છે. છતાં, મેં સ્વીકારેલી જીવનદિશામાં, જગતના પ્રગતિમાન દેશો આજે જે સાક્ષાત્ અમલમાં મૂકી રહ્યા છે અને જગહિતૈષી ચિંતકોના વિચારોથી પૂત થયેલો પત્રકારત્વનો જે આદર્શ તથા તેની અસંખ્યાત કાર્યરીતિઓ અને યોજનાઓ નજર આગળ રમી રહ્યાં છે તેની કસોટીએ નાણી જોતાં તો હું હજી પેલા મામૂલી 'પેઇન્ટર'ની જ કોટિમાં છું. છતાં, એવા નાના પાટિયાં ચીતરનારાને યે આપે–ગુજરાત સાહિત્ય સભાએ આપણા પ્રાંતનું આવું મોટું માન આપ્યું છે તેને હું, એ મહાન વ્યવસાય પ્રત્યેના આપના આદરનું જ પ્રતીક લેખું છું. પશ્ચિમના દેશોમાં પત્રકારત્વનો જે વ્યવસાય ચોથી સત્તા ગણાય છે અને મુદ્રણનો જે ઉદ્યોગ રાષ્ટ્રનો પ્રગતિસૂચક પ્રમુખ ઉદ્યોગ ગણાય છે તે, દિશામાં માત્ર પા પા પગલી પાડનારના મામૂલી પ્રયત્નોને આપ આ રીતે લેખવો છો તેને એ વ્યવસાયો પ્રત્યેની આપની કદરશનાસી અને જાગ્રત દૃષ્ટિ હું માનું છું. આપના એ ઉચ્ચાગ્રહનું નિમિત્ત આપે મને બનાવ્યો એ માટે મારો અંતઃકરણપૂર્વકનો આભાર વ્યક્ત કરું છું, અને માનું છું કે એ ધ્યેય હજી કેટલું દૂર છે તે આ ચન્દ્રકની આંગળી વડે આપ મને ચીંધી રહ્યા છો.

ઉપર્યુક્ત ઉદાહરણ દ્વારા હવે હું એક બીજી બાજુ તરફ આપનું લક્ષ્ય ખેંચવા ઇચ્છું છું. એ છે ચિત્રની શક્તિ. નહિ ફળેલી આકાંક્ષાઓનો રકાસ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સચોટતાથી એ ચિત્રે દર્શાવી દીધો, તેટલી શક્તિ, ગમે એટલું સારું નિરૂપણ કરનારી ભાષામાં ન ઊતરી શકી હોત. અને કદાચ ઊતરી હોત તોપણ તે એ ચિત્રની શક્તિ જેટલી સર્વસ્પર્શી તો ન જ બની શકી હોત. ભાષાને–લિખિત શબ્દને એક મોટી મર્યાદા છે. અભણ કે ઓછું ભણેલાના ક્ષેત્રને તે આવરી શકતી નથી. શ્રાવ્ય રૂપમાં પણ–એ જ્યારે બોલાય ત્યારે પણ, તે ચિત્રના જેટલી અસરકારક કે પ્રતીતિજનક નથી બની શકતી. હા; ક્વચિત્ તે લાગણીઓનો ઉદ્રેક જગાડી શકે છે; પણ વિતરણના કાર્યમાં તો ચિત્રની શક્તિ નિઃસંશય ચડી જાય છે. આપણે જ્વાળામુખી પર્વતની રચના વિશે પૃથ્વીના પેટાળમાં થતી ક્રિયા-પ્રક્રિયાઓનું વ્યાખ્યાન સાંભળીએ, અને એ જ વિષયને સિનેમા-ફિલ્મ દ્વારા તાદૃશ કરીએ, એ બેમાં કયું વિશેષ પ્રતીતિજનક તે તરત જણાઈ આવશે. પ્રતીતિ કરાવવાની શક્તિ કાન કરતાં આંખની હમેશાં ચડિયાતી જ રહી છે. આથી જ, કદાચ, આલેખિત ચિત્રને અભાવે, સાહિત્યને હમેશાં ઉદાહરણ કે વાર્તા રજૂ કરીને કથાતત્ત્વનો આશ્રય લેવો પડ્યો છે કે જેમાં માણસ કલ્પનાચક્ષુથી પોતાના મનની આંખ આગળ પ્રસંગોનું આલેખન જોતો જાય છે. ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન આત્મસાત્ કરાવવામાં એનાં ઉદાહરણોની સચોટતા જ વધુ કારગત નીવડી છે. કાવ્ય તેમજ સાહિત્યમાં ભાવપ્રતીકો, રૂપકો, અલંકારો વગેરેની યોજનાનો હેતુ એ જ છે—ચિત્રરૂપ વડે સંવેદના જગાડવાનો. ભાષાના વાહન તરીકે માણસે લિપિની શોધ કરી તે પહેલાં, સંદેશાના વ્યવહાર કે વિચારના વિતરણ માટે તેણે ચિત્રોનો જ આશ્રય લીધો હતો. જગતની કેટલીક લિપિઓ તો ચિત્રસંજ્ઞાઓમાંથી જ ઉદ્ભવી છે. માનવની સંસ્કારિતાના ઇતિહાસમાં ચિત્રનું સ્થાન આદિ સંસ્કૃતિસાધન તરીકેનું છે. તે અર્ધ જંગલી અવસ્થામાં ગુફામાં રહેતો હતો તે કાળની સંસ્કારિતાનાં તેનાં બે જ સાધન મળી આવે છે: તેનાં હથિયારો અને તેનાં ચિત્રો.

આવી, માનવસંસ્કારની આ આદ્ય શક્તિને આપણે આજે વિસારે પાડી છે તે પ્રતિ ફરી સજાગ થવું જોઈએ. ખાસ કરીને તો આપણા દેશમાં, જ્યાં જનતાનો મોટો ભાગ નિરક્ષર અને બાકીનાનો ઘણોખરો ભાગ અર્ધસાક્ષર છે ત્યાં તો જ્ઞાનવિતરણના અમોઘ સાધન તરીકે તેનો ઉપયોગ કરવાની નિદાન આવશ્યકતા છે. આજે પશ્ચિમના પ્રગતિમાન દેશો પણ શિક્ષણમાં visual instruction-દૃષ્ટિ દ્વારા શિક્ષણ–નું મહત્ત્વ સમજી તેનાં અનેકવિધ આયોજનો કરી રહ્યા છે, ત્યાં આપણા જેવા પછાત દેશે તો એના ઉપયોગ માટે સત્વર ઉદ્યુક્ત થવું જોઈએ. એ સાધનને લોકશિક્ષણની જે અનેક દિશામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરી શકાય તે પૈકી એકનો અહીં હું નિર્દેશ કરવા ઇચ્છું છું. એ છે, સચિત્ર કે ચિત્રમય પત્રકારત્વ, જે આપણે ત્યાં ભિન્નકુલ ખેડાયું જ નથી એમ કહીએ તો ચાલે.

પત્રકારત્વનો અર્થ સામાન્યરીતે તો, સમાચારો આપવાનું તથા અમુક વિષયો પરત્વે પ્રજામત ઘડવાનું કાર્ય, એટલો જ આપણે ત્યાં થતો આપણે જોઇએ છીએ. પણ આ ઘણી સંકુચિત દૃષ્ટિ છે. વસ્તુતઃ તો પ્રજાની સર્વાંગીણ કેળવણીની જવાબદારી પત્રકારને માથે છે. પ્રજાનાં રાજકીય અને સામાજિક દૃષ્ટિબિંદુ ઘડવા તથા વિકસાવવા ઉપરાંત તથા તેનામાં રાષ્ટ્રિય અસ્મિતા, સાંસ્કૃતિક ગૌરવ કે બહુ તો વિશ્વબંધુત્વની ભાવના પ્રગટાવવા ઉપરાંત પ્રજાના જીવનના એકેએક પાસાને ઉપસાવીને ઊજળું ને સુરેખ કરવાની દૃષ્ટિવાળા પ્રજાશિક્ષણનો એક સુચિંતિત, નિશ્ચિત ને વ્યવસ્થિત કાર્યક્રમ પત્રકાર પાસે હોવો જોઇએ. પ્રજાનાં દેહઘડતર ને આરોગ્ય, આચારવિચાર અને વ્યવહાર-સંસ્કાર, ખોરાકપોશાક અને ગૃહશોભન-વ્યવસ્થા, વેપારવણજ અને અર્થકારણ, રંગરાગ અને મનોરંજન, નીતિમત્તા અને ધર્મદૃષ્ટિ, જ્ઞાનવિજ્ઞાન અને સાહિત્ય-કલા વગેરે, જીવનને સ્પર્શતા એકેએક વિષયમાં પ્રજાને માહિતગાર કરી તેની સમજદારી અને બુદ્ધિશક્તિનું ઘોરણ પત્રકારે ઊંચે લાવવાનું છે. પણ આ બધા વિવિધ વિષયોના ઉપરછલ્લા લેખો લખી-લખાવીને છાપી મારવાથી એ અર્થ નથી સરવાનો. એમાંના પ્રત્યેક વિષયના છેક નાનામાં નાના અંગઉપાંગ સુધીનું જ્ઞાન પ્રજાની નસેનસમાં ઉતારવાનું મહાભારત કામ એ છે.

ઉદાહરણ તરીકે એક કળાનો વિષય લઇએ. એમાં એક 'સ્થાપત્યકલા'ના જ્ઞાન સાથે કેટલી બધી વસ્તુઓ આવે? આપણી આબોહવા અને સામાજિક જીવનને અનુરૂપ ગૃહરચના, આપણા સામૂહિક જીવનને અનુરૂપ મંદિરો, નગર-ભવનો, નાટ્યગૃહો વગેરેની માંડણી. આપણી પ્રકૃતિ સાથે મેળ ખે તેવાં તેનાં ઘાટ-રૂપ ને સુશોભન, એ સુશોભનોમાં પાછાં શિલ્પ અને ભાસ્કર્યના અનેક પ્રકાર, એ બધાંનો પરિચય આવે. સામાજિક જીવનને સ્પર્શતી કળાઓમાં આપણાં વાસણકુસણોના ઉપયોગાનુસારી ઘાટ, આપણાં ગૃહસાધનો અને ઉપસ્કરો, આપણાં બાળકોનાં રમકડાંથી માંડીને દેવઘરની મૂર્તિઓ સુધીનાંની રૂપાકૃતિઓ, આપણાં કાપડ ઉપરની ભાતો ને રંગયોજના પાછળ રહેલાં માનસતંત્રના તથા ઐતિહાસિક પરંપરાના તાર, આપણાં પગરખાંથી માંડીને હથિયારો સુધીની ચીજો પાછળની ઉપયોગદૃષ્ટિ ને રૂપદૃષ્ટિની સમજણ એમાં આવે. ચિત્રકળાની વાત કરીએ તો જલરંગી, તૈલરંગી કે રેખાંકન, વૂડકટ, ઇચિંગ કે ડ્રાયપૉઇન્ટ આદિ પદ્ધતિઓનું ભલભલા ભણેલાઓને યે આજે જ્ઞાન નથી. આ તો આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારુકલા અને કારુકલા (Fine Arts and Applied Arts)ના વિસ્તારનો માત્ર ઊડતો ખ્યાલ આપ્યો. એ જ પ્રકારે જીવનસ્પર્શી એકેએક વિષયની ઝીણામાં ઝીણી વિગતનું જ્ઞાન ને સમજ પ્રજાને આપવાનો ધર્મ પત્રકારનો છે.

કોઈ કહેશે, આ તો એકાદ શાળા-કૉલેજના અભ્યાસક્રમ જેવી વાત લાગે છે. ના; તેથી યે વધારે. શાળા-કૉલેજમાં તો પ્રજાનો અમુક જ વયનો અને અમુક જ કક્ષાનો વર્ગ જઈ શકે છે, પણ વર્તમાનપત્ર તો પ્રજાનો એકેએક વર્ગ વાંચે છે. માત્ર સવારે કે સાંજે મળતી નવરાશમાં વાંચતા વેપારીઓ, મહેતાજીઓ કે અન્ય નોકરિયાતો યા કામકાજમાંથી પરવારેલો સ્ત્રીવર્ગ જ નહિ, પણ પહેરા પરથી છૂટેલો પોલીસ, મોટરમાં શેઠની રાહ જોતો શોફર, હજામની દુકાનમાં પોતાનો ક્રમ આવતાં સુધી બેસી રહેલો મિલ-કારીગર, ઓછી ઘરાકીને વખતે પોરો ખાતો કાપડિયા-કાછિયા જેવો નાનો દુકાનદાર વર્ગ,— એવો, પ્રજાના એકેએક થરનો માણસ પત્ર વાંચતો હોય છે. પત્રકારે આ વિશાળ ફલક પોતાની નજર સમક્ષ રાખવાનો છે અને એના શિક્ષણની કેવી ગંભીર જવાબદારી પોતાની છે તેનો ખ્યાલ રાખવાનો છે. શાળા-કૉલેજનું ક્ષેત્ર તો અમુક હદ સુધી જ પહોંચે છે. તેને અનુસંધાને કેળવણીનો તંતુ ઊંચકી લઈને પત્રકારે પ્રજાને આગળ લઈ જવાની છે. એમાં શાળા-કૉલેજનું લોકોનું જ્ઞાન તેને અમુક ભૂમિકા પૂરતું જ ખપ લાગે છે, અને તે પણ બહુ જ મર્યાદિત વર્ગનું. એટલે તેણે તો પોતાના કાર્યની પરિપાટી નવી જ ઘડવાની છે. જૂની ભૂમિકા ઉપર આગળ ચણતર લેવા ઉપરાંત કેટલાક પ્રદેશો તો તેણે નવા ઉઘાડવાના છે. જરા મહત્ત્વાકાંક્ષી શબ્દ વાપરીને કહું તો encyclopaedic knowledge તેણે પ્રજાની માનસભોમમાં સિંચવાનું છે. પહેલી નજરે એ શબ્દ મહત્ત્વાકાંક્ષી લાગે; પણ તત્ત્વતઃ તો, જ્ઞાનની એકેએક શાખામાં પ્રજાને પ્રવેશ કરાવવાનો વિશાળ ફલક જે આપણે સ્વીકારીએ છીએ, તો એ શબ્દ સાર્થ બની રહે છે. આવી વિશાળ અને ગંભીર જવાબદારી જેના શિરે છે તે પત્રકાર તો પ્રજાના ગુરુસ્થાને છે. સમસ્ત જનસમુદાયનું ઉદ્ધરણ કે પતન તેના હાથમાં છે. તે સત્યસંકલ્પપૂર્વક ધારે તો એક સુચિંતિત, વ્યવસ્થિત, રેખાઉતાર કાર્યક્રમ દ્વારા, ધીમા પણ સ્થિર ને નિશ્ચિત રૂપમાં, આ પરોક્ષ કેળવણી વડે એકાદબે તપમાં તો આખા પ્રજા-સમુદાયનું માનસ સ્વસ્થ, નિરામય, વિકસિત ને ઉન્નત કરી શકે. પોતાના આવા ગુરુસ્થાનની જવાબદારીના ભાનવાળો સાચો પત્રકાર, એક કર્તવ્યનિષ્ઠ શિક્ષકની જેમ, સચિંત ધર્મબુદ્ધિપૂર્વક પ્રજા-શિક્ષણના વિવિધ માર્ગો અને સાધનોનો વિચાર કર્યા જ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે દુનિયા જ્યારે ભૌગોલિક રીતે નાની થતી જાય છે, અને એમાં આપણો સ્વતંત્ર દેશ જે મોટું સ્થાન પામતો જાય છે તે દૃષ્ટિએ જોતાં પ્રજાને તૈયાર કરવાનું આવું મહાભારત કામ તો, મારા નમ્ર મત પ્રમાણે, એક જ સાધન વડે ત્વરાથી સિદ્ધ થઈ શકે એવું છે: ચિત્રમય પત્રકારત્વ કે ચિત્રરૂપ પત્રકારત્વથી. દુનિયાના દેશો તો કયારના એનો ઉપયોગ કરતા આવ્યા છે.

એના બે પ્રકાર છે: સચિત્ર પત્રકારત્વ અને ચિત્રાત્મક પત્રકારત્વ. પહેલો પ્રકાર, તે આજે આપણાં કેટલાંક સામાન્ય પત્રો જે અમલમાં મૂકવાનો ઢોંગ આચરી રહ્યાં છે યા બાથોડિયાં મારી રહ્યા છે તે: લેખસામગ્રીને પુષ્ટ અને વિશદ કરવા માટે તેની સાથે થોડાં અનુષંગી ચિત્રો આપવાં તે. બીજો પ્રકાર, જે આપણી કોઇ પણ પ્રાંતભાષામાં હજી અમલમાં નથી મુકાયો તે: કેવળ ચિત્રો દ્વારા જ જ્ઞાનવિતરણ. ચિત્રો—વિવિધ અને વિપુલ; લખાણ—તેને માત્ર સ્પષ્ટ અને પુષ્ટ કરે એટલું જ. પહેલા પ્રકારમાં ચિત્રોનું સ્થાન જરા ગૌણ હોય છે; બીજામાં ચિત્ર જ પ્રધાન સાધન હોય છે.

ચિત્રનું સ્થાન, આમ, ભલે પ્રધાન હોય કે ગૌણ, પણ સચિત્ર પત્રકારત્વના વિધાયકમાં બે શક્તિ હોવી ખાસ આવશ્યક છે: એક તો, કિસમકિસમના જેટલા ચિત્રપ્રકારો છે તે બધાનું સમજપૂર્વકનું વિગતવાર જ્ઞાન. આ જ્ઞાન એટલું અદ્યતન ને નિઃશેષ હોવું જોઇએ કે પોતાના સ્ટાફના ચિત્રકારોને પણ તે દોરવણી આપી શકે. બીજી શક્તિ તે બહુશ્રુતતા. તેના સામાન્ય જ્ઞાનનો વિસ્તાર એટલો વિશાળ અને તેનું વાચન એટલું વિપુલ હોવું જોઇએ,—એક એક વિષયમાં તેનો એટલો ચંચુપાત હોવો જોઇએ કે જેથી તેને લગતી ચિત્રસામગ્રી કે લેખસામગ્રી પોતાની પાસે આવતાં તે વિષયને એ પકડમાં લઇ શકે. ભાલે નૃત્ય કે સલ્ફેનિમાઇડ દવાઓ, જાપાનની બાગબાની-કલા કે કોક્લોરાડો નદીનાં કેન્યન, અંકોરવટનાં ખંડેરોમાં ભારતીય સંસ્કૃતિનો તંતુ કે છેલ્લી શોધાયેલી ૨૮૦ રાઇફલની ગોળીબારની શક્તિની વિશિષ્ટતા, ચીનની ચિત્રકળાની મુલાયમ હથોટી કે મેટ્રોગ્રોસોનાં અણતાગ રહેલાં સમૃદ્ધ જંગલોની રમણીય ભયંકરતા —આમ પૃથ્વીના પેટાળની આંતરિક રચનાથી માંડીને આકાશમાં હણાણું છેક ૧૩૫ માઇલ સુધી ઊડેલા રોકેટ વિમાન કે છેલ્લા શોધાયેલા ગ્રહ સુધીના વિષયોની જાણકારી તથા તેની સમજ પકડવા પૂરતો પ્રવેશ તેનામાં હોવાં જોઇએ, એટલું જ નહિ, પણ તેને લગતી સવિશેષ માહિતી, આંકડા, આધારભૂત સાધનો કે ચિત્રસાહિત્ય ક્યાંકથાંથી મળી શકે તેની જાણ કે અનુક્રમણિકા તેના મગજમાં હોવી જોઇએ. ટાઇપરાઇટરની ચાવી દબાય ને અક્ષરની છાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠે એટલી ત્વરાથી, કોઇ પણ વિષય હાથ આવતાંવેંત તેને લગતી સામગ્રી-ઓની હારગાળા તેની નજર આગળ ખડી થઇ જવી જોઇએ. વળી, કાપલીઓ, ચિત્રો, નકશાઓ, આકૃતિઓ, ફોટોગ્રાફો, આંકડાના કોઠા વગેરેનો તેનો સંગ્રહ પણ તેની સ્મરણશક્તિ જેટલો જ સમૃદ્ધ હોવો જોઇએ. આપણી કેટલીક શ્રીમંત પત્રસંસ્થાઓની કરુણ દશા હું જાણું છું કે ત્યાં સારી લાઇબ્રેરી સુધ્ધાં નથી, એટલું જ નહિ, પણ છાપાની ઑફિસને તે વળી લાઇબ્રેરીની શી જરૂર, એવું માનસ તેના સંચાલકોનું હોય છે! જ્યારે, બીજી બાજૂનો એક દાખલો આપું તો, ઇંગ્લંડના 'પિક્ચર પોસ્ટ' અઠવાડિકનો ચિત્રસંગ્રહ એટલો સમૃદ્ધ, એનમૂન ને સુવ્યવસ્થિત છે કે ઇંગ્લંડ-અમેરિકાનાં બીજાં સાધનસંપન્ન છાપાં-ઓને પણ કોઇકોઇ વાર એ સામગ્રી તેની પાસેથી માગવી પડે છે. અમેરિકામાં પત્રકારત્વનો અભ્યાસ કરવા ગયેલા મારા મિત્ર મહેન્દ્ર મેઘાણીએ એક પ્રસંગ મને કહેલો. એમને એકવાર ઉંદરો વિશે થોડી માહિતી જોઇતી હતી, તેથી એક જાણીતા દૈનિકની ઑફિસના સામગ્રીસંગ્રહખાતામાં જઈને એમણે પૂછ્યું કે can you give me some material on rats? થોડી જ વારમાં ત્યાંના માણસે તેમની પાસે કૉમ્યુનિસ્ટોને લગતા સાહિત્ય અને ચિત્રસામગ્રીનો નાનો સરખો ગંજ ખડકી દીધો! અમેરિકામાં કૉમ્યુનિસ્ટોને તેમની જાસૂસી અને એવી ભૂગર્ભ પ્રવૃત્તિને કારણે સંકેતમાં rats—ઉંદરડા કહે છે, તેનું આ પરિણામ હતું! પછી તો, જોકે, ખુલાસો કરતાં તેમને સાચા ઉંદર વિશે પણ એટલી જ મબલખ સામગ્રી મળી ગઇ; પણ આ તો, પત્રકારત્વ માટે જરૂરી સાધનસામગ્રીની સમૃદ્ધિ શી હોઇ શકે તેનું ઉદાહરણ માત્ર છે.

ગયે વરસે રાજકોટમાં એક ઔદ્યોગિક પ્રદર્શન ભરાયેલું. તેને અંગે તેના સંચાલકોએ સૌરાષ્ટ્રની પછાત કોમો અને તેના ઉદ્યોગો ઉપર એક માહિતીપૂર્ણ પત્રિકા બહાર પાડેલી. તેમાં સૌરાષ્ટ્રની ૯૮ જેટલી પછાત કોમોની યાદી—તેમાંની કેટલીકના પોશાક, ખાસિયત, ધંધા વગેરેના રેખાત્મક પરિચય સાથે—આપેલી છે. આપણા સૌ પત્રકારોને તે મોકલાઇ છે, પણ કોણે તેની નોંધ લીધી છે? જનતાના ગણરાજ્યનું અરમાન ધરાવતા આપણે લોકોએ આપણી સાચી જનતા—જેના નાનાવિધ થર પર થર જામેલા છે તેનું જ્ઞાન અને પરિચય મેળવ-વાની એક સરસ તક ગુમાવી. કોઈ તરતબુદ્ધિ પત્રકારને સૂઝયું હોત તો તેણે આપણી મધ્યસ્થ સરકારના વસતીગણતરીના રિપોર્ટોમાંથી તેમના વિવિધ પોશાક તથા વિશિષ્ટ મુખાકૃતિઓ દર્શાવતા ફોટોગ્રાફો ઉપરથી ખાસ ચિત્રો તૈયાર કરાવી તેમના રંગદર્શી જીવનનો પરિચય કરાવ્યો હોત. કલ્પનાશીલ પત્રકાર કેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી તકો ઝડપી લઇ શકે તેનું આ તો એક નાનકડું ઉદાહરણ છે. પણ પત્રકારની વાત કયાં કરીએ? ખુદ સૌરાષ્ટ્ર સરકારને પણ એ ન સૂઝયું. પશ્ચિમી રહેણી અને જાગતિક સંસ્કારપ્રવાહના સ્પર્શથી આજે આપણા સામાજિક જીવનનાં ઘાટરૂપ પલટાતાં જાય છે તે કાળે આપણી જનતાનાં એ સ્વરૂપ પલટાય કે લુપ્ત થાય તે પહેલાં તેની ઝીણામાં ઝીણી વિગતો સાથેની નોંધો, ફોટોગ્રાફો, રંગચિત્રો વગેરે તૈયાર કરાવી સંઘરવાં જોઇએ. અંગ્રેજી છાપાંઓમાંથી આપણે ઇંગ્લંડનાં જિપ્સીઓ વિશે રસપૂર્વક વાંચીશું, પણ ખુદ આપણા જ અંગરૂપ આપણી જનતાનાં રંગરૂપથી આપણે અજાણ છીએ. આઇમા હેન્રીનું સિનેમાચિત્ર ઉતારવા માટે ત્યાંના બ્રિટિશ મ્યુઝિયમ તથા બીજાં ઐતિહાસિક વસ્તુઓનાં સંગ્રહાલયોમાંથી એટલી ભરચક સામગ્રી મળી રહે કે માથાની ટોપીના કૂમતાથી માંડીને બારણાના બરડવાની આકૃતિ સુધીની બારીક વિગતનો ઘાટ તેના યથાતથ સ્વરૂપમાં ઉતારી તે કાળનું હૂબહૂ જીવન જનતા આગળ રજૂ કરી દેવામાં આવે. આપણે પૂછીએ કે આપણા સૌરાષ્ટ્રના એકમાત્ર મ્યુઝિયમની આજે શી સ્થિતિ છે? અને ગુજરાતના પત્રકારને એવી કોઇ ચિત્રાત્મક માહિતી જોઇતી હોય તો એવું સમૃદ્ધ સંગ્રહસ્થાન એકેય છે ખરું? આપણાં લાપરવાહી, ઉપેક્ષા, આળસ, ઉદાસીનતા ને અજ્ઞાનનો કોઇ આરોવારો નથી.

પણ સચિત્ર પત્રકારત્વ એટલે માત્ર ચિત્રો કે ફોટોગ્રાફો જ છાપી મારવાં એમ નહિ. ચિત્રો ને ફોટોગ્રાફો ઉપરાંત નકશા, આકૃતિઓ, આલેખો, માનચિત્રો, સોપાનચિત્રો, ચિત્રવૃક્ષો, સંકેતચિત્રો, એવી એ સાધનોની એક આખી વૈવિધ્યભરી સૃષ્ટિ પશ્ચિમે ઊભી કરી છે, અને તે દ્વારા જ્ઞાનને આકાર આપીને તથા સરલ કરીને પ્રજાને કેળવવા તેઓ મથે છે. એમાંયે વિષય જેમ અઘરો તેમ તેમની મથામણ વધારે. આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ સમજાવવાને મથામણ કરતી સહેલી ઘરગથ્થુ ઉદાહરણોની આકૃતિઓ તમે જોઇ છે? હાઇડ્રોજન બોમ્બ શોધાયો કે તરત, તેમાંની કરામત સમજાવતી આકૃતિઓ, તથા તેની અસર કેટલી સેકંડમાં, કેટલા વિસ્તારમાં, કેટલી ઉગ્રતાથી ને કેટલા તબક્કે પહોંચશે તેનાં માનચિત્રો પ્રજા આગળ રજૂ થઇ ગયાં હતાં. આપણે એવું કશું નવું કરવાનું તો બાજૂએ રહ્યું, પણ છે તે સાધનોનો લાભ લેવાની આવડત સુધ્ધાં કેળવી નથી. વસ્તુતઃ આપણી ફરજ તો, એમને મુકાબલે, ઊલટી વધારે છે. આપણે ત્યાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું છે, અને જે સામાન્ય કેળવાયેલો વર્ગ છે તેની સમજદારીનું ધોરણ હજી ઘણું નીચું–બાળકની કક્ષાનું છે. એટલે આપણે તો બાળપોથીઓમાં જેમ સરલ અને પુષ્કળ ચિત્રો અપાય છે તેમ છુટ્ટે હાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૨૬૫૮

ને અવનવી શૈલીથી ચિત્રપ્રયોગો કરીને જ્ઞાનને સામાન્ય જનતા માટે સુલભ ને સાકાર કરી આપવું જોઈએ, એટલું જ નહિ, પણ પત્રકાર જો ચતુર હોય તો એક સામાન્ય બનાવનું પણ નિમિત્ત પકડી લઈને તે વિષયની બધી જ અનુષંગી માહિતી ચિત્રરૂપમાં તે એવી તો પ્રત્યક્ષ કરાવી આપે કે વાચક આગળ એક નવા જ્ઞાનનું દ્વાર ઊઘડી જાય.

એક ઉદાહરણ લઈએ. આપણા સ્વતંત્ર દેશ તરીકેના પહેલવહેલા નવા સિક્કા બહાર પડ્યા ત્યારે બધાં જ છાપાંઓએ સરકાર તરફથી પૂરી પાડવામાં આવેલી તેની ટૂંકી માહિતી અને એક જેવોતેવો ઝાંખો સરકારી જ ફોટોગ્રાફ —જે રૂપમાં મળ્યાં તે જ રૂપમાં એકસરખાં છાપી માર્યાં હતાં. કોઈ કાબેલ પત્રકારે તો આપણા રાષ્ટ્રિય જીવનના એ મહત્ત્વના પ્રસંગને ઝડપી લઈને તેને એક સારું જ્ઞાનસાધન બનાવી દીધું હોત. સચિત્ર પત્રનો સંપાદક તો, મળેલાં ચિત્રો ઝાંખાં હોય તો તેનાં નવાં સ્પષ્ટ આલેખનો તૈયાર કરાવે, એકેકએક સિક્કામાંના પ્રતીકોની વિગતવાર સમજણ આપે, રૂપિયો આનો દમણુ પૈસો પાઈ વગેરે આપણાં ચલણી નાણાં કયારે શરૂ થયાં તેની ટૂંકી તવારીખી માહિતી આપે, તેનાં આદિ ઐતિહાસિક ઘાટરૂપ પ્રાચીન ગ્રંથોમાંથી શોધીને આપે, તે તે સિક્કાઓની ધાતુઓનાં પ્રમાણ તથા મિશ્રણોના ફેરફાર દર્શાવે અને તેને અનુષંગીને દેશના આર્થિક પ્રવાહોની ભૂમિકા સમજાવે; આપણા આજના 'રૂપિયા'ની શરૂઆત સૌ પહેલાં શેરશાહ સૂરીએ કરી એ રૂપિયો કેવો હતો, અકબર અને જહાંગીરે તેને કેવાં સુંદર રૂપ આપ્યાં, અમદાવાદની ટંકશાળમાં પડેલો રૂપિયો કેવો હતો વગેરેની આખી ચિત્રમાળા આપે; રાણી વિક્ટોરિયાનો રૂપિયો શાથી લોકપ્રિય રહ્યો, રૂપિયામાં નિકલ કયારથી કેટલું ને શા માટે દાખલ થયું, સાચા નિકલના રૂપિયાને કેમ કરી જોવો, વગેરે અસંખ્યાત રસમય મુદ્દાઓની માહિતી અને ચિત્રપરંપરાથી તે પાનાં ભરી મૂકે. એમાં લખાણ ભલે ઓછું હોય, પણ ચિત્રોના અંગુલિનિર્દેશ કરતું કરતું એવી ખૂબીથી તે રચ્યું હોય કે એના વાચનને અંતે સામાન્ય માણસને પણ આપણા ચલણી નાણાની તવારીખનો બોધ થઈ જાય, દુનિયાભરની પ્રજાઓમાં ચલણી નાણું સૌપહેલું શરૂ કરનાર આર્યો હતા તેનું ગૌરવ પ્રકટે, અને કોઈ જિજ્ઞાસુને તો સિક્કાશાસ્ત્ર વિશે સવિશેષ જાણવાની પ્રેરણા પણ ક્વચિત મળી જાય તથા તેના અભ્યાસનું તેનામાં બીજ નખાય.

થોડા સમય પહેલાં રાજેન્દ્રપ્રસાદને હસ્તે દાહોદમાં ભીલસેવા મંડળની રજતજયંતી ઊજવાઈ હતી. થોડાં છાપાંઓએ કદાચ એ પ્રસંગની મેદનીભર સભાઓની છબિઓ માત્ર છાપી હશે. ખરું જોતાં તો, ગુજરાતની આખી પૂર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરહદને આવરીને પડેલી આપણી એ આદિવાસી પ્રજાનો પરિચય આપવાની, તેમના જીવનમાં પ્રજાને પ્રવેશ કરાવીને રસ લેતી કરવાની એ એક સુભગ તક હતી. આજથી પા સદી પહેલાં દાહોદનાં એ નપાણિયાં વેરાનો ને જંગલોમાં ઠક્કર બાપાએ માંડેલા સેવા-સંસ્કારના યજ્ઞના વિવિધ તબક્કાઓ ઉપરાંત ભીલ પ્રજામાં તેમણે પાડેલા સંસ્કારનાં સોપાનચિત્રો, તેમના વિશિષ્ટ ચહેરામહોરા, માનવવંશશાસ્ત્રની દૃષ્ટિથી તેમની તવારીખ, તેમના આવાસો અને પોશાકો, વાસણો ને આભૂષણો, હથિયારો ને ઓજારો, પાળિયા અને દેવપૂજા, વગેરે અનેક જીવનપાસાંનાં આલેખો, આકૃતિઓ, નકશા ને ફોટોગ્રાફો દ્વારા ઢગલાબંધ જ્ઞાન-સામગ્રી આપવાની સાથે પ્રજા આખીને આપણા એ અંગ તરફ અભિમુખ કરી શકાઈ હોત.

કાકરપાડા બંધ બાંધવાની યોજના પહેલી અગલમાં મુકાઈ એ પ્રસંગ કોઈ દીર્ઘદૃષ્ટિ પત્રકારે ઝડપી લેવો જોઈતો હતો. ચિત્રપત્રનો સંપાદક તો, એ બંધ કયે સ્થળે બંધાશે તેનો વિગતવાર નકશો, એ કેવા પ્રકારે બંધાશે તેનો ઇજનેરી આલેખ, એમાં કેવી કરામતો હશે તેની આકૃતિઓ, તે કેટલા પ્રદેશને પરિપ્લાવિત કરશે તેના નકશા, દર કલાકે કે દર મિનિટે કેટલા હજાર ગેલન પાણી દરિયામાં નિરર્થક વહી જતું અટકાવીને તેને કેમ જનકલ્યાણમાં યોજી શકાશે તેનાં માનચિત્ર, એટલું જ નહિ, પણ આ પ્રસંગને અનુલક્ષીને, તાપી નદી કયાંથી નીકળી, કયાકયા પ્રદેશને પયઃપાન કરાવતી કેવીકેવી રીતે વહેતી આવીને તેણે સુરતની જરીજવાહરલાલી સર્જી, તેને કાંઠે કયા ઇતિહાસ રચાયા ને કયા કિલ્લા ને કોઠીઓ નંખાયાં વગેરે દર્શાવતો જીવંત નકશો પણ આપે. એ નકશો આપણા નિશાળિયા નકશાઓમાં હોય છે એવો પાતળી દોરી જેવો નહિ, પણ પહોળા-સાંકડા થતા તેના પ્રવાહના મોટા હૂબહૂ માપસર, અને તેના કાંઠા પરનાં ગામ, કિલ્લા, ડુંગરો, જિલ્લા, ઐતિહાસિક સ્થાનો વગેરેનાં સુરેખ, ઉઠાવદાર રમકડાં જેવાં ચિત્રો આલેખેલો નાનોશો ચિત્રપટ જ હોય. એ જુએ એટલે વાચકના મનમાં ગુજરાતની એ લોકમાતાની એક આદરમૂર્તિ અંકાઈ જાય, તેની સાથેનું નિર્દેશક લખાણ વાંચે એટલે તેનામાં ગુજરાતની ઐતિહાસિક ને સાંસ્કારિક અસ્મિતા જાગે, અને નવા બંધાનારા બંધથી ફલદ્રુપ થનારી ભાભોમની ધરતી પર લચી પડનારા પાકનાં રમ્યસમૃદ્ધ કલ્પનાચિત્રો તેની આંખો આગળ ખડાં થાય.

આ તો થોડાંક ઉદાહરણ આપ્યાં. જેવું આ વિષયોનું તેવું જ બીજા બધા વિષયો પરત્વે થઈ શકે. કોઈ નવો તારો શોધાયો તો ખગોળનું જ્ઞાન; ક્ષયની નવી રસી શોધાઈ તો એ દર્દની ભયાનકતાનું તથા તેના પંજામાંથી બચવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાવચેતીના ઈલાજો તેમજ સામાજિક આરોગ્યનું જ્ઞાન; ગુજરાતમાં પેટ્રોલિયમની શક્યતા જાહેર થઈ તો એ તેલની રચના, ઉપયોગ તથા મહત્ત્વનું જ્ઞાન તથા જગતના રાજકારણમાં ઊથલપાથલ મચાવવાની તેની શક્તિ વગેરેનું જ્ઞાન આપવા સાથે ગુજરાતની ધરતીની ભૂસ્તરીય રચનાનું જ્ઞાન; હિંદુ કોડ બિલ રજૂ થયું તો તેની અસર કયાંકયાં કુટુંબીજનો પર કેવીકેવી રીતે પહોંચે તેનો પેઢીનામા જેવો આલેખ કરીને તેનું જ્ઞાન; દિલ્હીમાં હિંદી કળાનું મહાપ્રદર્શન ભરાયું તો આપણા કલાસંસ્કારના ભવ્ય વારસાની ઐતિહાસિક રૂપરેખા તેમજ આપણાં જગત્પ્રખ્યાત કલારત્નોનું જ્ઞાન; ખોરાક સંશોધન-સંસ્થા ઊઘડી તો આપણી ખાદ્યસામગ્રીનાં પોષક તત્ત્વો, આપણી પરંપરાગત ખોરાક-પ્રણાલિના ગુણદોષ તેમજ વિટામિન, કેલરી વગેરે શું છે તેનું જ્ઞાન; પાકમાં હિમ પડ્યાં કે તીડનું આક્રમણ થયું તો તેનું જ્ઞાન; ઊધઈ-અળસિયાં કે કીડી-કરોળિયા જેવાં જંતુથી માંડીને ગીધ સુધીનાં પંખીઓ લગીની, આપણા સંપર્કમાં આવતી જીવસૃષ્ટિની આપણા સામાજિક જીવન પર પડતી અસરનું જ્ઞાન;—એમ અસંખ્યાત વિષયોનું જ્ઞાન, તે તે વિષય પરત્વે જરૂરી ને બંધબેસતી થાય તેવી ચિત્રપદ્ધતિઓ દ્વારા સાકાર કરાવી શકાય. આ ચિત્રપત્રના પ્રદેશનો કાંઈક આછો ઊડતો ખ્યાલ આપ્યો.

ભારતમાં સચિત્ર પત્રકારત્વની પહેલ કદાચ મુંબાઇના 'ટાઈમ્સ ઑવ ઇંડિયા' પ્રેસે અંગ્રેજીમાં 'ઇલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડિયા' કાઢીને, અને હમણાં હિંદીમાં 'ધર્મયુગ' કાઢીને કરી છે. એ પોતપોતાનાં ધ્યેય તથા સૂઝ પ્રમાણે કામ કરે છે. યુરોપ-અમેરિકામાં તો એવાં સંખ્યાબંધ પત્રો નીકળે છે. અમેરિકાનાં 'લાઇફ' અને 'લુક', ઇંગ્લેંડનાં 'લંડન ન્યૂઝ' અને 'સ્પીઅર', 'પિક્ચર પોસ્ટ' અને 'ઇલસ્ટ્રેટેડ', 'ઈગલ' અને 'એવરીબડીઝ' સૌ પોતાનાં નિશ્ચિત દિશા અને દર્શન પ્રમાણે કામ કરે છે. એ જ રીતે આપણા દેશને આવશ્યક અને રોચક એવા એક સર્વતોમુખી જ્ઞાન આપનારા અને પ્રગોદ સાથે પ્રગતિ કરાવનારા સમૃદ્ધ ચિત્રપત્રનું સ્વપ્ન કલ્પનાચક્ષુ આગળ વર્ષોથી રમી રહ્યું છે. હમણાં જે થોડાં ઉદાહરણ આપ્યાં એ જ ઢબે જ્ઞાનના એકેએક ક્ષેત્રનાં દ્વાર તે દ્વારા આપણી જનતા આગળ ઉઘાડી શકાય. આપણે હજી તો માત્ર વાર્તાનાં ચિત્રો, કોઈ પ્રસંગ કે વ્યક્તિના ફોટોગ્રાફો, કોઈ વિષય નિરૂપતી છબિઓ ને આકૃતિઓ અને ક્વચિત્ નકશા છાપતા થયા છીએ; એકાદ દાયકાથી કાર્ટૂનની વેધક અસર જાણતા થયા છીએ; અને હમણાં વળી, કોઈ વાર, સામાજિક દૂષણો કે માનવસ્વભાવની વિચિત્રતા પર વ્યંગ કરતી તથા હળવી રમૂજ આપતી 'કૉમિક-સ્ટ્રિપ' (હાસ્યપટ્ટીઓ) છાપવા માંડી છે. પણ એમાં હજી કચાંય સાતત્ય કે સામર્થ્ય જણાતું નથી. રમૂજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળવાર્તાઓને પ્રસંગોના ક્રમમાં ચિત્રોમાં જ સિલસિલાબંધ કહેતી ચિત્રકથાઓ પણ શરૂ થઈ છે. એવો જ અવકાશ આપણી ઐતિહાસિક નવલકથાઓ તથા લોકકથાઓ માટે પણ છે.

ફોટોગ્રાફનો અર્થ આપણે માત્ર જાણીતી વ્યક્તિઓ કે કોઈ તાત્કાલિક પ્રસંગોની છબિઓમાં જ પર્યાપ્ત થયેલો સમજીએ છીએ. પણ કટોકટીના પ્રસંગો, યાત્રાનાં તથા ઐતિહાસિક સ્થાનો, કિલ્લાઓ અને યુદ્ધભૂમિઓ, આપણાં ઉદ્યોગ-કારીગરીની ક્રિયાઓ, વિશિષ્ટ ચહેરા-મહોરાવાળી આપણી રંગદર્શી જાતિઓ ને વર્ણો, સુંદર સ્થાપત્યો તથા શિલ્પો, રળિયામણી ગુર્જરી કુંજોનાં નિસર્ગદૃશ્યો, આપણાં પ્રાણી પંખી અને તેમની ખાસિયતો,—એવી તો અસંખ્ય વૈવિધ્યભરી સૃષ્ટિ ફોટોગ્રાફીથી વણસ્પર્શી, અણખોટાયેલી હજી પડી છે.

નકશાઓ અને માનચિત્રોની શક્યતાઓને તો હજી કોઈએ સંકોરી જ નથી. એવું જ સંકેતચિત્રો અને સોપાનચિત્રોનું ક્ષેત્ર અણખેડાયેલું પડયું છે. દેશનું બજેટ બહાર પડે તે વખતે આવકજાવકના સુક્કા આંકડાઓને બદલે તેનાં પ્રમાણ દર્શાવતી નાણાંની થેલીઓનાં કે એવા બીજા સંકેતોનાં આલેખનો વડે આંકડાઓની એ ભેજાંદુખણ ભુલભુલામણી સરળ બનાવી શકાય. ખર્ચનું પ્રમાણ દર્શાવવા માટે કેટલા ટકા લશ્કર પાછળ, કેટલા વહીવટમાં, કેટલા કેળવણીમાં, કેટલા આરોગ્યમાં, કેટલા નિર્વાસિતો પાછળ, કેટલા નવવિધાનમાં ને કેટલા ટકા બહારથી અનાજ લાવવા પાછળ ખર્ચાવાના છે તે, રૂપિયાની એક મોટી ગોળ આકૃતિમાં, તેના પ્રમાણવાર વિભાગ પાડીને, બજેટ જેવો સુક્કો વિષય પણ સામાન્ય નાના વેપારી કે કારીગરના મનમાં સોંસરો ઉતારી શકાય. ધરતીકંપનાં કારણો તરીકે પૃથ્વીના પેટાળમાં થતા કેવાકેવા ફેરફારો જવાબદાર હોય છે, આપણે ખોરાક લઈએ છીએ ત્યાંથી તે મળીએ બહાર નીકળે ત્યાં-સુધીમાં શરીરની અંદર પાચનક્રિયા કેવી રીતે કામ કરે છે, વિવિધરંગી સૂતરના માત્ર ધાગાઓમાંથી ખૂબસૂરત અને બહુમૂલી ગાલીચા કેવી ખૂબીથી વણાય છે, એ બધું જ્ઞાન સોપાન-ચિત્રો વડે સાકાર કરાવી શકાય. જુદાંજુદાં અનાજ અને ફળોમાં રહેલાં વિટામિનો દર્શાવતા ચિત્રકોઠા, કે એલ્યુમીનિયમની ધાતુ ઉત્તરોત્તર કેવી રીતે બનતી જઈને કેટલા વિવિધ ઉપયોગમાં આવે છે તેનો પેઢીનામા જેવો આલેખ, કે સૃષ્ટિના ઊગમકાળે પ્રકટેલા અશરીરી જંતુમાંથી આજના માનવનો વિકાસ જીવસૃષ્ટિમાં કેટલા તબક્કા પછી થયો તેનું ચિત્રવૃક્ષ, એ અઘરા અણગમતા વિષયોને પણ આકાર આપીને રસમય બનાવી શકે. ઇતિહાસનાં પાત્રોને તે કાળનાં પોશાક, આભૂષણો ને શસ્ત્રાસ્ત્રોનાં અભ્યાસયુક્ત આલેખનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારા આપણી કલ્પનામાં હોય તે કરતાં પણ વધુ વિશદ, જીવંત ને રોમાંચક કરી શકાય. પ્રવાસવર્ણનો માત્ર લુખ્ખા ફોટાગ્રાફો વડે નહિ, પણ સમસ્ત પ્રવાસમાર્ગના નકશાના આલેખન ઉપર, તેમાં અનુક્રમે આવતાં વિવિધ સ્થળો આગળ ત્યાંનાં માનવપાત્રો ને વિશિષ્ટ વસ્તુઓ, પેદાશો ને કારીગરીઓ, શિલ્પ-સ્થાપત્યો ને ખંડેરો, પશુપંખી ને વનસ્પતિઓના રંગોની ફૂલગૂંથણી કરીને એ પ્રવાસને રમ્ય ને રંગદર્શી કરી શકાય. કવિતાનાં ચિત્રો માટે જે અવકાશ છે તેને તો આપણે હજી નહિવત્ જ સ્પર્શ્યો છે. કાં તો તેની અગત્ય નથી સમજાઈ કે કાં તો તેની દૃષ્ટિ નથી. દુર્બોધ લાગતી કવિતાઓને પણ તેમાંનાં ભાવ-પ્રતીકોને વ્યક્ત કરતાં, અર્ધા સ્પષ્ટ ને અર્ધા રહસ્યમય એવાં, ઉડ્ડયનમધુર ને દર્શન-રમ્ય ચિત્રો વડે અંકિત કરી કવિતાનો રંગરોમાંચ જનતામાં વ્યાપક કરી શકાય.

આપણા સામાજિક જીવન ને રોજિંદા વ્યવહારનાં અનેકવિધ ક્ષેત્રો હજી ચિત્રરૂપ ધરવાને અણસ્પર્શ્યાં પડ્યાં છે. ખેતી અને બાગબાનીના વિષયને હજી કોઈ અડ્યું નથી. ઋતુઋતુ પ્રમાણે તેના પાક અને ફળફૂલ ઉછેરવાની સચિત્ર સૂચનાઓ, ગોડ કેમ કરવો કે કલમ કેમ બાંધવી તેના આલેખો, ખાતરના કસ દર્શાવતા કોઠા, કૂંડાંમાં ઉછેરવાનાં ફૂલઝાડ કે પાકમાં પડતી જિવાતના ઉપાય, બધું ચિત્રોની મદદથી વિશદ કરી શકાય અને સાથેસાથે આપણી બહુરૂપિણી પુષ્પસૃષ્ટિનાં ચિત્રોથી રસાનંદ પણ આપી શકાય. આપણા ઘરઘરના વિષયો રસોઈ, ગૃહવ્યવસ્થા ને ગૃહશોભનકલાને માટે તો ચિત્રક્ષેત્રમાં મબલખ અવ-કાશ છે;—બલ્કે ચિત્રો વડે જ તે યથાર્થ રૂપે સ્ફુટ કરી શકાય તેમ છે. રસોઈની સહાયના ઉપયોગી ટુચકા નુસખાઓની આકૃતિઓ તો ખરી જ, પણ આપણાં કિસમકિસમનાં ફર્નિચર ને પાટલા-બાજઠો કે વાસણ-કૂસણનાં નાનાવિધ રૂપ-વિધાન, ચાકળા-તોરણ કે ઓશીકા-તકિયા પર સુશોભન કરવા માટેની ભરત-ગૂંથણની આકૃતિઓ, તેમજ સાંકડી ઓરડીમાં પણ સાધનો તથા ઉપસ્કરોને ગોઠવવાની યુક્તિપ્રયુક્તિ દાખવતાં આલેખનોથી માંડીને ફૂલદાનમાં સપ્રમાણ ને સુંદર રીતે ફૂલ કેમ ગોઠવવાં તેની કળા સુધીના વિષયોનો એક મોટો વિસ્તાર તેમાં આવી જાય.

આમ, આ ક્ષેત્ર તો અનંત છે. પણ એ બધાં માટે પત્રકાર જેમ ચિત્ર-દૃષ્ટિવાળો ને બહુશ્રુત હોવો જોઈએ તેમ પ્રકાશનસંસ્થા પણ સાધનસંપન્ન અને સમૃદ્ધ હોવી જોઈએ. જ્ઞાનના સર્વ પ્રદેશોને લગતી માહિતીઓ મેળવી શકાય એવું પુસ્તકાલય, ઐતિહાસિક, સામાજિક, સાંસ્કરિક ને કલાવિષયક ચિત્ર-સામગ્રીનો સંગ્રહ, દેશપરદેશની ફોટોવિતરણ-સંસ્થાઓ સાથેનો સંપર્ક, ઝડપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ચોક્કસ આલેખનશક્તિવાળા કાબેલ ને કલ્પનાશીલ ચિત્રકારો, તથા કોઈ પણ વિષયનો સારતંતુ પકડીને ટૂંકી, ચોટદાર, લાઘવભરી શૈલીમાં ઘંટારતો લખવાની શક્તિવાળા સંપાદન–મદદનીશ, અને છેલ્લે, સુઘડસુંદર ચિત્રમુદ્રણ કરનારી અદ્યતન યંત્રસામગ્રી,—આટલાં પાયાનાં સાધનો એ સંસ્થા પાસે જોઈએ.

આમાંનો છેલ્લો મુદ્દો જે મુદ્રણકલા, તે આ આખા વ્યવસાયનો અરધોઅરધ મહત્ત્વનો ભાગ રોકે છે. એ સાધ્ય થઈ ન હોય તો ચિત્રપત્રની યોજના સ્વપ્નવત્ જ રહે. દુર્ભાગ્યે, આપણા દેશમાં એ કલાનું કશું મહત્ત્વ જ લેખાતું નથી. આપને કદાચ જાણ હશે કે દુનિયાભરના પત્રકારત્વમાં જેનો અભિપ્રાય વજનદાર ગણાય છે તે લંડનના 'ટાઇમ્સ' પત્રની અઠવાડિક સાહિત્યપૂર્તિ 'લિટરરી સપ્લિમેન્ટ'નો તંત્રી સ્ટેનલી મોરિસન, એ ઇંગ્લંડનો પ્રમાણભૂત મુદ્રણનિષ્ણાત પણ છે અને એની પ્રતિષ્ઠા જગત્ખ્યાત છે! સાહિત્યતંત્રી અને વળી મુદ્રણનિષ્ણાત? હા. પણ એ વિચિત્ર લાગતા યોગથી માત્ર આપણા દેશમાં જ આશ્ચર્ય થાય, જ્યાં, સંસ્કારઘડતરનો આ શ્રેષ્ઠ વ્યવસાય માત્ર પછાત ને મજૂરિયો ધંધો ગણાય છે, અને દેશના શ્રીમંતો સંસ્કારસેવકો કે ખુદ સરકારને પણ તેના મહત્ત્વ કે વિકાસની કાંઈ જ પડી નથી. દુનિયાના ઘણા દેશોમાં યુનિવર્સિટીની સાથે તેનું એક સંપન્ન 'યુનિવર્સિટી-પ્રેસ' પણ હોય છે, જેનો ફાળો પણ જ્ઞાનવિતરણમાં મહત્ત્વનો હોય છે. આપણે ત્યાં કેટલાં યુનિવર્સિટી-પ્રેસ છે તે ગણી જોજો: એક આંગળીના વેઢાથી આગળ નહિ વધી શકો. અને મુદ્રણનું પ્રમાણભૂત ને શાસ્ત્રીય શિક્ષણ આપનારી તો એકપણ શાળા ભર્યા ભારતમાં નથી.

હમણાં જેનો ઉલ્લેખ કર્યો તે સ્ટેનલી મોરિસને તો, મોટા દૃષ્ટિનિષ્ણાત દાક્તરો વગેરેની સલાહથી, સંશોધનપૂર્વક, ખાસ પોતાના પત્ર માટે અંગ્રેજી બીબાંનો એક એવો નવો જ ઘાટ સર્જ્યો છે, જે, લોકોની આંખો તદ્દન ઓછા શ્રમે, ઝડપથી ને રોચક રીતે વાંચી શકે. લંડનનું 'ટાઇમ્સ' પત્ર એ બીબાંમાં છપાય છે અને તે મરોડ દુનિયામાં 'ટાઇમ્સ રોમન' તરીકે જ ઓળખાય છે. મુદ્રણકલાની મહત્તાનો પુરસ્કાર કરતાં એ સ્ટેનલી મોરિસને એક સ્થળે કહ્યું છે કે મુદ્રણકલા એ street–architecture તથા folk–music જેવી, જનતાની રગ રગ સુધી પહોંચતી મહાન સ્વાભાવિક કલાઓમાંની એક છે. એમનું એ વચન કેટલું યથાર્થ છે તે, મુદ્રણકલા આપણા જીવનમાં કેટલી હદ સુધી વ્યાપી ગઈ છે તેનો ખ્યાલ કરીશું તો સમજાશે. નિશાળે બેસતા નાના બાળકની બાળપોથીથી માંડીને રોજ-બ-રોજ લાખ્ખો લોકોમાં વંચાતાં વર્તમાનપત્રો સુધી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાબૂ કે દવાની શીશીઓનાં લેબલોથી માંડીને સિનેમા ને બસની ટિકિટો સુધીની રોજિંદા વપરાશની મામૂલી વસ્તુઓ લગી વ્યાપેલી એ કળા આપણા જીવનમાં ઓતપ્રોત થઈ ગઈ છે. પ્રગતિમાન દેશોમાં તો સંસ્કૃતિના મંડાણના મુખ્ય પાયાઓ પૈકીનો એક પાયો તે ગણાયો છે, 'The Art Preservative of all arts' (સર્વ કલાઓનું જતન કરી રાખનારી કલા), એવું બિરુદ-વાક્ય તેને વર્યું છે. અને આપણે ત્યાં? એની બિલવણી કે એની વ્યવસ્થિત રચના સુધ્ધાં કરવા માટે આપણે લેશમાત્ર ખેવના કરી નથી.

આપ એ તો જાણો જ છો કે આજથી પાંચસો વરસ પર, ઈ. ૧૪૪૦માં જર્મનીના માઇન્ઝ શહેરના એક કારીગર યોહાન ગટનબુર્ગે છુટ્ટાં બીબાંની શોધ કરીને આજની મુદ્રણકલાનો પાયો નાખ્યો ત્યાર પછી, માત્ર સવાએ સૈકા બાદ જ આ ભારત દેશમાં દેશી ભાષામાં પણ એ કળા આણી ઉતારવી જોઇએ એવું સૌ પહેલું સ્વપ્ન એક ગુજરાતી વાણિયાએ જોયું. જોકે તેની એકાદ સૈકા અગાઉ જેસ્યુઇટ પંથના પોર્ચુગીઝ પાદરીઓએ બાઇબલના પ્રચાર અર્થે ગોવામાં છાપખાનું કાઢીને હિંદમાં મુદ્રણકલાનો પ્રવેશ તો કરી દીધો હતો. પણ પશ્ચિમની એ નવી શોધાયેલી કળા ભવિષ્યમાં માનવજાતના સમગ્ર જીવનને વ્યાપી જવાની છે એ જોવાની દૂરંદેશી, તથા આપણી પોતાની દેશી લિપિમાં એ કળા ઉતારવાના કોડવાળું સૌ પ્રથમ દેશાભિમાન તો ગુજરાતી વાણિયાનાં હતાં. અંગ્રેજોની સુરતની કોઠીમાં હિંદી માલના દલાલ તરીકે અતિ પ્રતિષ્ઠિત સ્થાન ધરાવનાર, મૂળ દીવના વતની, ભીમજી પારેખ નામના એ કપોળ વણિકે, લંડનની બસ્ટ ઇંડિયા કંપનીને લખાવીને ગુજરાત માટે પહેલવહેલું છાપખાનું મંગાવ્યું તે ઈ. ૧૬૭૪માં સુરત બંદરે ઊતર્યું, એ ગુજરાતી—બલ્કે હિંદી મુદ્રણકલાના શ્રીગણેશ ગણાય. એ વખતની મથામણ પછી તેણે 'બનિયન કેરેક્ટર'માં (એટલે કે વાણિયા લિપિ=ગુજરાતી લિપિમાં) જે પહેલાં બીબાં કોતરાવ્યાં તેમાં 'very well and legible' (ઘણું જ સારું અને સુવાચ્ય) છાપકામ કરાવ્યું એવો ઉલ્લેખ બસ્ટ ઇંડિયા કંપનીની સુરતની પેઢીએ તા. ૧૨મી જાન્યુઆરી ૧૬૭૬ને રોજ પોતાની લંડન કંપનીને લખેલા પત્રમાં છે.

ત્યાર પછી ફર્દુનજી મર્ઝબાને જાતે ગુજરાતી બીબાં કોતરીને સર્વથા ગુજરાતી છાપખાનું અને સૌપહેલું ગુજરાતી વર્તમાનપત્ર કેમ કાઢ્યાં, સુરતના જ જીવણ વલ્લભ નામના લુહાર કારીગરે આજનાં ગુજરાતી બીબાંના મરોડનો ઘાટ કેમ કોતર્યો, મુંબાઈથી પછી સુરત, ભરૂચ, ખેડા ને અમદાવાદ, એમ ગુજરાતમાં ઉત્તરોત્તર મુદ્રણકલા કેમ વિકસી, અને ઇચ્છારામ સૂર્યરામ જેવા દેશાભિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની ગુજરાતીએ તથા તેમના પુત્ર મણિલાલે તેને ઊંચે લાવવાનો કેવો ઉદ્યમ કર્યો તેનો ઇતિહાસ આલેખવાનું આ સ્થળ નથી. પણ તે પછીની સુષુપ્તિ બાદની આજની આપણી પછાત સ્થિતિની આલોચના કરતાં તો દુઃખ થાય છે. છાપકામની મુખ્ય ત્રણ પદ્ધતિઓ : બીબાં વડે છાપવાની લાઈનિયર, શિલાછાપ જેવી લિથોગ્રાફી અને મુંબાઈનું ઇલસ્ટ્રેટેડ વીકલી છપાય છે તે ગ્રેવ્યોર. એ ત્રણ પૈકી હજી પહેલી પદ્ધતિમાં પણ આપણે પૂર્ણતાના આંકને પહોંચી શકચા નથી. આબેહૂબ રંગછાયાઓ ઉતારતી ચારરંગી બ્લૉકો બનાવવાની કળા હજી પણ ગુજરાતમાં પૂરી ખીલવી બાકી છે ત્યાં સાત નવ કે બારબાર રંગો સુધીનું કુમાશદાર રંગમિશ્રણ કરીને ઉચ્ચ કલાકૃતિઓની હૂબહૂ કલાકૃતિઓ પ્રકટાવતી મધુર મુલાયમ મુદ્રણકલાની વાત શી? અને રંગસમૃદ્ધ મુદ્રણ કરતી ગ્રેવ્યોર પદ્ધતિનું સ્વપ્ન પણ કયાં? મુંબાઈના ટાઇમ્સ પ્રેસની દીવાલોમાં ગોપનરીતે થતી એ મુદ્રણપદ્ધતિની કરામત આપણે ત્યાં ઉતારવાનું પાણી કોઈ ગુજરાતીમાં પ્રકટતું નથી. એટલે પણ કયાં જઈએ? કલકત્તા-અલ્લાહાબાદ ને મદ્રાસ-મુંબાઈમાં સાદી ઑફસેટ લિથોગ્રાફીની કળા જેટલી ખીલી છે એટલું ય આપણે હજી શીખ્યા નથી. ઇચ્છારામ અને નિર્ણયસાગર પછી છેલ્લા ચાર દાયકામાં આપણાં બીબાંના નવા ઘાટ સર્જવાની પણ આપણે ખેવના કરી નથી. અને ગટનબુર્ગની એ આદિ શોધ પછીના આ પાંચ સૈકામાં પશ્ચિમના દેશોએ જે પ્રગતિ કરી છે તેને પડખે જો આપણી આ પોણા ત્રણસો વરસની કારવાઈનો આંક મૂકાએ, તો તો ઐરોપ્લેનને પડખે ચાલતા રગશિયા ગાડા જેવી કંગાલ આપણી સ્થિતિ લાગે છે. એ દેશોમાં તો હવે બીબાં ઢાળવાની જ કડાકૂટ કાઢી નાખીને માત્ર ટાઇપરાઇટરની પેઠે ચાવીઓ દબાવવાથી વીજળિક પ્રકાશની મદદ વડે ફિલ્મ પર અક્ષરોની આકૃતિઓ ઉતારે એવાં ફોટો-કોમ્પોઝિંગ મશીનો શોધાયાં છે; ચિત્રો, ફોટોગ્રાફો કે દોરેલી આકૃતિઓ ઉપરથી નહિ, પણ પરભાર્યા પદાર્થો ઉપરથી જ (એટલે કે વાસણો, ગાલીચા, વસ્ત્રો વગેરેને પોતાને જ સીધાં કેમેરા સન્મુખ મૂકાને પરભારી તેના ઉપરથી) સાતસાત રંગનાં મિશ્રણવાળા પ્રતિકૃતિઓ ઉતારતા કેમેરા યોજ્યા છે; તારના સંદેશાની પેઠે જ, વીજળિક શક્તિથી, ફોટોગ્રાફો ચિત્રો ને કાર્ટૂનોને દૂરદૂરને સ્થળે મોકલી દેતી રેડિયો-ફોટોગ્રાફી અસ્તિત્વમાં આવી છે;—આવીઆવી એમની સિદ્ધિઓનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી સ્થિતિ તો, જ્ઞાનના મહાસાગરને કાંઠે અલ્પતાની અંજલિ લઈને ઊભા હોઈએ એવી લાગે છે; અને ગ્લાનિથી મન ભરાઈ જાય છે કે દૂરગામી દૃષ્ટિવાળા ઉમંગી ને સ્વપ્નશિલ્પી જે ભીમજી પારેખે આજથી પોણા ત્રણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસ ઉપર સા પહેલું 'દેશી લિપિનું છાપખાનું' સ્થાપવાનું સ્વપ્નું જોયું તેના જ વંશજ ગુજરાતીઓ આજે આટલા પાછળ ?

માણસમાત્ર સ્વભાવે સ્વપ્નશીલ છે, અને સૌ પોતપોતાના ગજા પ્રમાણેનાં સ્વપ્ન સેવતાં હોય છે. ગુજરાતને માટેનાં મારાં બે નમ્ર સ્વપ્ન આ પ્રસંગે આપની આગળ રજૂ કર્યાં: એક, લોકશિક્ષણ અને સંસ્કારઘડતર સાધનાર એક સર્વ-ગ્રાહી ચિત્રપત્રનું, અને બીજું, અદ્યતન કક્ષાએ સાધવાના મુદ્રણકલાના વિકાસ-નું. હવે એક ત્રીજે અદના ખ્યાલ રજૂ કરવાની રજા લઉં છું. દેવનાગરીમાંથી ઊતરી આવેલી ભારતની આજની બધી પ્રચલિત લિપિઓમાં એક માત્ર ગુજ-રાતી લિપિ જ એવી છે કે જે દેવનાગરીની સૌથી નજીકમાં નજીકની છે, બીજા બધા પ્રાંતોને માટે વધુમાં વધુ વાચનક્ષમ છે અને બીજી બધી લિપિઓને મુકાબ-લે વધારેમાં વધારે લેખનસુલભ મરોડ–cursive form વાળી છે. નાગરી અક્ષરો પરની મથાળાની શિરોરેખા કાઢી નાખીને ગુજરાતી લિપિને તેની સાથે સરખાવો તો દસેક અક્ષરોના સહેજસાજ ફેર સિવાય બીજી બધી જ રીતે ગુજરાતી એ શિરોરેખા વિનાની નાગરી જ છે: અને નાગરી કરતાં વળી વધારે દર્શનરમ્ય. નાગરીના ખાંચાખાંચકા પર ગોળાઈનો મુલાયમ રંદો ફેરવીને ગુજ-રાતે એને જે લાવણ્ય આપ્યું છે, અને છતાં માતા નાગરીના રૂપની જે વફાદારી તેણે સાચવી રાખી છે તેટલી વફાદારી હિંદની એની અન્ય કોઇ બહેનો (મહા-રાષ્ટ્રની મોડી, બંગાળની બંગાળી, પંજાબની ગુરુમુખી, કાશ્મીરની શારદા કે મધ્યની કૈથી, કોઇ પણ લિપિ) સાચવી શકી નથી. શિરોરેખા પડતી મૂકીને હિંદીમાં ઝડપથી લખનારા હિંદીભાષીઓ આજે જે લખે છે તે લગભગ ગુજરાતી જેવી જ લાગે; અને તેથી તેઓ તેમજ મહારાષ્ટ્રીઓ નાગરી જેટલી જ સરળતા-થી ગુજરાતી લિપિ વાંચી શકે છે, એટલું જ નહિ, પણ જે જે પંજાબી, બંગાળી કે દક્ષિણની તામિલ-તેલુગુ-મલાયલમ ભાષાભાષીઓ નાગરીથી પરિચિત છે તેમને પણ ગુજરાતી ઉકેલી શકતા મેં જાણ્યા છે. વસ્તુતઃ ગુજરાતી લિપિ એ સરલરૂપા ને લાવણ્યમરોડ બનેલી નાગરી જ છે, અને જે દિવસે નાગરીના ક્ષેપક અંગ જેવી એની શિરોરેખા નીકળી જશે તે દિવસે તે ગુજરાતી સ્વરૂપિણી જ હશે. એટલે, મારું માત્ર સ્વપ્ન જ નહિ પણ શ્રદ્ધા છે કે ભારતની રાષ્ટ્રલિપિ થવાને સર્વથા યોગ્ય તો નાગરીની ચારુદર્શન પુત્રી ગુજરાતી લિપિ જ છે. એના એ ગૌરવાન્વિત સ્થાન પ્રતિ એને પ્રયાણ કરાવવાના પ્રયત્નોમાં આપણે માત્ર ઉદાસીન છીએ. શિરોરેખા વિનાની હિંદી અને ગુજરાતી વચ્ચે જે ગણતરીના અક્ષરોનો સ્વરૂપભેદ છે તેને ગાળી નાખીને એટલા અક્ષરોનું સમસ્ત રાષ્ટ્રને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્ય થાય એવું એક નિશ્ચિત રૂપ ઠરાવી, એ રૂપનાં બીબાં ને ટાઇપરાઇટરો જો તૈયાર કરવામાં આવે તો એ દિશામાં એક અંગદ પગલું ભર્યું ગણાશે. બાકીનું કામ કાળ કરી લેશે. આપણે માત્ર નવદસ અક્ષરો પૂરતા આગળ આવવાનું છે. પોતાની લિપિને રાષ્ટ્રલિપિને સ્થાને સ્થપાયેલી જોવાના ગૌરવથી કયો ગુજરાતી પુલકિતરોમાંચ નહિ થાય?

મુદ્રણ અને લિપિના આ બે મુદ્દાઓ પ્રત્યે આપનું આટલું લક્ષ્ય ખેંચ્યા બાદ અંતમાં ફરી એક વાર પહેલો મુદ્દો ભારપૂર્વક આપના ધ્યાન પર લાવું છું કે આપણી પ્રજાનો જે મોટો ભાગ નિરક્ષર છે, અને ભણેલાઓનો પણ જે મોટો ભાગ વિકાસદૃષ્ટિએ તો હજી બાલમાનસ જ ધરાવે છે તેમનામાં જ્ઞાન-સંસ્કારના પ્રસાર માટે ચિત્રમય પત્રકારત્વ એ જ એક અનન્ય સાધન છે. એ વડે જ આપણે અણધારેલી ઝડપથી પ્રજામાં સામાન્ય જ્ઞાનનો ફેલાવો કરી શકીશું, તેની બુદ્ધિ અને સમજદારીનું ધોરણ ઊંચું લાવી શકીશું, જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોનાં કર્તવ્યો સમજાવી તેનામાં જવાબદારીનું ભાન પ્રકટાવી શકીશું, રાષ્ટ્રિય આપત્તિઓ કે આદર્શો સામે તેને તૈયાર કરી શકીશું અને સમસ્ત પ્રજાને ઊંચે લાવી પ્રગતિને માર્ગે ધપાવી શકીશું.

આવી અમોઘ શક્તિ અને અખલખ શક્યતાઓવાળું સચિત્ર પત્રકારત્વ-નું વિરાટ ક્ષેત્ર, અને તેને સાકાર કરી આપનારી મુદ્રણકલાની વિશાળ સીમા-ઓ, અફાટ વિસ્તાર પાથરીને આપણી આગળ પડ્યાં છે. પણ એનાં દ્વાર ખખડાવનાર આપણે ત્યાં આજે કોણ છે? કોઇને દૃષ્ટિ હશે તો સંપન્નતા નહિ હોય; સાધનસંપન્ન હશે ત્યાં દૃષ્ટિનાં દ્વાર દેવાએલાં હશે. ગુજરાત બહુ વ્યવહાર-ડાહ્યો, વાણિજ્યચતુર અને દૂરંદેશીવાળો દેશ ગણાય છે. સંપત્તિની જેમ એને ખામી નથી તેમ સાહસની પણ નથી. દૃષ્ટિની હશે એમ તો કેમ કહેવાય? પણ એટલી તો નિશ્ચિત અને દુઃખની વાત છે કે શક્તિ સમૃદ્ધિ ને સંસ્કારથી સંપન્ન આવા પ્રાંત પાસે સચિત્ર પત્રકારત્વની અદ્યતન કલાને વ્યક્ત કરતું એક પણ ચિત્રપત્ર નથી. એ ક્ષેત્ર હજી સૂનું પડ્યું છે.

આ સાથે મારું નમ્ર વક્તવ્ય અહીં પૂરું થાય છે. ગુજરાતની સાહિત્યિક, શૈક્ષ-ણિક, સામાજિક તેમજ રાજકીય પ્રગતિના મહામંદિરના પાયા નાખીને તેમાં પોતાની જાતનો લોપ કરનાર ધન્યનામ સ્વ. રણજિતરામના નામથી અંકિત આ સુવર્ણચન્દ્રક આપ મને આપો છો તેને મારા જીવનનો એક વિશિષ્ટ ભાગ્ય-યોગ ગણું છું, કેમકે ઇ. ૧૯૧૭માં એ ગુજરી ગયા તે સમય મારા જીવનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સભાનતાનો પ્રારંભકાળ હતો. તે અગાઉ એમનાં છૂટક લખાણ વાંચેલાં; પરંતુ એમની અવસાનનોંધોમાં થયેલા એમના જીવનના મૂલ્યાંકને મારા ઉપર ઘણી ઘેરી અસર કરી, અને મનમાં એક દૃઢ પ્રતીતિ બંધાઈ કે ગુજરાતની સાંસ્કારિક અસ્મિતા પ્રકટાવવાનું તેમજ સર્વતોમુખી પ્રગતિ સાધવાનું જે મહાભારત કામ આપણી આગળ પડ્યું છે તેને સિદ્ધ કરવું હોય તો આપણી નાની કે મોટી પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ સર્વ સામર્થ્યથી અને અનામી રહેવાની ભાવનાથી જાતનો લોપ કરીને તેમજ આસનબદ્ધ થઈને કામ કરનારાઓની જ પહેલી જરૂર છે. રણજિતરામના જીવનદૃષ્ટાંતથી બંધાયેલી એ ભાવના આજ ચોત્રીસ વર્ષથી મારા જીવનનું પ્રેરક બળ રહી છે; અને એ ભાવનાને સદોદિત જાગ્રત રાખે એવા આ પ્રતીક વડે એ મહાનુભાવનું નામસ્મરણ આપ મારા જીવન સાથે જોડી આપો છો તેને હું પરમ ભાગ્યયોગ ગણું છું અને ફરી આપનો આભાર માનું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'વીસમી સદી' માસિકનું સંપાદન તથા સંચાલન સંભાળે તેવા એક વિશ્વાસુ મદદનીશની તાકીદે જરૂર હોવાથી રવિભાઇએ બચુભાઇને હાજીમહમ્મદના મદદનીશ થવા મુંબાઈ જવાનું ગોઠવી આપ્યું. ને બચુભાઇએ સરતા સાહિત્યમાંથી રાજીનામું આપ્યું. પણ દૈવવશાત્ ૧૯૨૧ના જાન્યુઆરીમાં હાજીમહમ્મદ ગુજરી ગયા એટલે એ વાત અટકી, અને બચુભાઈએ ૧૯૨૧થી ૧૯૨૨ના ગાળામાં 'સ્વ. હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ' તૈયાર કરી આપ્યો. તે પછી દોઢેક વર્ષ નવજીવન પ્રકાશનમંદિરમાં કામ કર્યું. દરમ્યાન 'કુમાર'ના પ્રકાશનની યોજના પાકી થઇ ગઇ અને ૧૯૨૪ના જાન્યુઆરીથી તે આજ દિન સુધી એકનિષ્ઠ બુદ્ધિથી એમણે 'કુમાર'ને સમૃદ્ધ કરવા પાછળ જ લક્ષ આપ્યું છે. દહાડો કે રાત ને ભૂખ કે તરસ ગણકાર્યા વિના અને ઉત્સાહ અને પ્રસન્નતા ગુમાવ્યા વિના, ગુજરાતનું શ્રેય ઝંખતા, પોતાનાં ઉચ્ચ સત્ત્વો રવિભાઇના સહયોગમાં એમણે 'કુમાર'ને જ સમર્પ્યાં છે. રવિભાઈ અને બચુભાઈની સર્જક મૈત્રીએ અને 'કુમાર'ના પચીસ કરતાં વધુ વર્ષના અહર્નિશ પ્રકાશને ગુજરાતના સંસ્કારઘડતરમાં જે અનન્ય ફાળો આપ્યો છે તે ઇતિહાસે મઢવા જેવો છે. શોભા અને સામર્થ્યના આદર્શો 'કુમારે' પૂરી પચ્ચાસી ભરીને ગુજરાતનાં મુગ્ધ હૃદયોમાં સીંચ્યા છે. કલા અને સાહિત્ય, શૌર્ય અને સાહસ, જ્ઞાનના અનેક વિષયો, ઉપયોગી માહિતીઓ, ઉત્તમ ચરિત્રો અને પ્રેરણાદાયી પ્રસંગાલેખનોની લ્હાણ 'કુમારે' કરી છે. સંપાદનનું જે ધોરણ 'કુમારે' સિદ્ધ કર્યું છે તે ગુજરાતમાં જ નહિ પણ સારા યે દેશમાં માગ મૂકાવે તેવું છે. એનું વૈવિધ્ય, એનો રંગવૈભવ, એની વાચન-સામગ્રીનું ઉચ્ચ ધોરણ ને નિત્યનૂતનતા સાધતી એની પ્રયોગશીલતા-એ સર્વની પાછળ દૃઢ આસને બેઠેલા સાધકની તપશ્ચર્યા છે. બચુભાઇ અને 'કુમાર' એકાકાર બની ગયાં છે. આ ચંદ્રક અર્પીને આપણે એ સાધનાનું સન્માન કરીએ છીએ. બચુભાઈએ બીજું કશું કર્યું ન હોય તો પણ 'કુમાર'ના સંપાદન દ્વારા ગુજરાતી સાહિત્ય અને કલાની એમણે જે સેવા કરી છે તે જ આ ચંદ્રકપ્રદાન માટે તેમને યોગ્ય ઠેરવવા પ્રતી થાય એમ છે.

પણ ગુજરાતની શ્રીના ઉત્કર્ષ માટે આ ઉપરાંત એમણે ઘણું કર્યું છે. કોઈ ન જાણે એમ એમણે ઘણું સહ્યું છે, ઘણાનું લખેલું સુધાર્યું છે, કંઈક પ્રતિભાઓનું ધાત્રીકર્મ કર્યું છે, ઘણાને પ્રોત્સાહન આપ્યું છે, ઘણાને રસ્તે ચડાવ્યા છે. જે મહાપુરુષના સ્મરણમાં આ ચંદ્રક અર્પીએ છીએ તે સ્વ. રણજિતરામ સાથે બચુભાઇનું કેટલું બધું સ્વભાવસામ્ય છે તેનો વિચાર કરતાં વિસ્મય થાય છે.

મુદ્રણ, લિપિ અને પ્રકાશનના ક્ષેત્રમાં, ખાસ કરીને સચિત્ર પ્રકાશનના ક્ષેત્રમાં બચુભાઇની જાણકારી અને પ્રયોગશીલતાનું જે અર્પણ છે તેનો સ્વીકાર તો અનુસરણોથી થતો જ રહ્યો છે. સુઘડ કલામય મુદ્રણ અને આકર્ષક પ્રકાશન માટે પોતાનાં મર્યાદિત સાધનો છતાં 'કુમાર પ્રિન્ટરી'એ જે નામના કાઢી છે અને પરંપરાઓ રચી છે તેનો યશ બચુભાઇને ઘટે છે. આપણે ઇચ્છીએ કે બચુભાઈના પ્રચ્છન્ન સર્જકતા દીર્ઘાયુષી બને ને એનાં ઉત્તરોત્તર યશસ્વી પ્રકટ રૂપો ગુજરાતને મળે. ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar